◆ વર્ષ: ૪, ◆ અંક: ૦૮, ◆ સળંગ અંક: ૪૩,
◆ તા.૨૩/૦૫/૨૦૨૦, શનિવાર, ◆ પાના-૪,
◆ છૂટક અંકની કિંમત રૂા.૨૦,
◆ વાર્ષિક લવાજમ રૂા.૨૦૦/-
(કુરીયર મારફત લવાજમ રૂા.૩૦૦/-)
◆ તંત્રી-માલિક અને પ્રકાશક: ભવ્ય દિપકભાઇ પોપટ,
◆ પ્રકાશન સ્થળ: ૨૦૨-૨૦૩, ધ્રુવ કોમ્પ્લેક્ષ, પોલીસ લાઇન સામે, ઉના, જી.ગીર સોમનાથ-૩૬૨૫૬૦
◆ ફોન : ૦૨૮૭૫-૨૨૧૭૦૦,
ફેક્સ: ૦૨૮૭૫-૨૨૧૭૦૦, મો. : ૯૯૨૪૧ ૨૧૭૦૦
◆ મુદ્રણ સ્થળ : પ્રથમેશ ઓફસેટ, ગોંદરા ચોક, ઉના.

ટેક્ષ ટુડે

Tax Today (Monthly)

(ટેક્ષ સંલગ્ન તથા અન્ય મહત્વના સમાચાર પ્રસિદ્ધ કરતું માસિક)


RNI No.GUJGUJ/2016/74805
e-mail: taxtodayuna@gmail.com
e-mail: editor@taxtoday.co.in
www.taxtoday.co.in

પ્રતિશ્રી,

# COVID-19: ભારત સરકાર દ્વારા જાહેર કરાયું મિશન 'આત્મનિર્ભર ભારત'



By Bhavya Popat,
Editor Tax Today




તા. ૧૭.૦૫.૨૦૨૦: COVID 19ની આ મુશ્કેલ પરિસ્થિતિમાં દેશ છેલ્લા બે મહિનામાં લોકડાઉનનો સામનો કરી રહ્યો છે. પ્રધાનમંત્રીએ લોકડાઉનની જાહેરાત કરતાં સમયે જાહેર કર્યું હતું કે "જાન હે તો જહાન હે". ભારતે લોકોના જીવનને આર્થિક પાસા કરતાં વધુ મહત્વ આપ્યું હતું. આપણે સૌએ જોયું છે કે અમેરિકા, બ્રિટન, સ્પેન જેવા આર્થિક રીતે સધ્ધર દેશોમાં કોરોનાના કારણે મૃત્યુ આંક ખૂબ ઊંચો રહ્યો છે. જ્યારે ભારત એ સમયસર લોકડાઉન કરતાં આ આંક ૩૦૦૦ જેટલો રહ્યો છે. આ આર્થિક પરિસ્થિતીનો સામનો કરવા ભારત સરકાર દ્વારા આર્થિક પેકેજ બહાર પાડવામાં આવ્યા છે. આ આર્થિક પેકેજ નાણાં મંત્રી દ્વારા ૫ અલગ અલગ પેકેજ રજૂ કરવામાં આવ્યા છે. પ્રધાનમંત્રીએ જાહેર કર્યું કે હવે સમય ભારતે આત્મનિર્ભર બનવાનો છે. આત્મનિર્ભર ભારત એટ્લે વિશ્વથી એકલું અટુલું ભારત નહીં પણ વૈશ્વિક સ્તરે પ્રગતિ કરતું ભારત વૈશ્વિક પ્રતિસ્પર્ધા કરતું ભારત. આત્મ નિર્ભર ભારત આર્થિક પેકેજની મુખ્ય વિગતો નીચે આપેલ છે.

### આર્થિક પેકેજ–ભાગ ૧ની મુખ્ય જાહેરાતો:

- MSME (મધ્યમ અને લઘુ ઉદ્યોગ) ને કોલેટરલ ફ્રી (વધારાની જામીનગીરી વગર) લોન. ૨૫ કરોડ સુધીની બાકી લોન હોય, ૧૦૦ કરોડ સુધીનું ટર્નઓવર હોય તેવા એકમોને લોન આપવામાં આવશે. આ લોન ઓટોમેટિક (ખૂબ ઓછી વિધિઓ સાથે એમ સમજી શકાય) આપવામાં આવશે. આ લોનનો સમયગાળો ૪ વર્ષ સુધીનો રહેશે અને ૧૨ મહિના સુધી મોનોટોરિયમ (હપ્તા ભરવામાંથી મુક્તિ) આપવામાં આવશે. આ પ્રકારની લોન દ્વારા MSME ને ૩ લાખ કરોડ સુધીનો લાભ થશે. બેન્કોને મૂડી અને વ્યાજની 'ગેરંટી' કેન્દ્ર સરકારની રહેશે. આ કારણે ૪૫ લાખ યુનિટ COVID-19ની મુશ્કેલ પરિસ્થિતીનો સામનો કરી શકશે અને પોતાની કામગીરી શરૂ કરી શકશે. આમ કરવાથી નોકરીઓ પણ સુરક્ષિત રહેશે. આ માટે એકમો એ કોઈ વધારાની કોલેટરલ સિક્યોરિટી કે ગેરંટી ફી પણ આપવાની રહેશે નહીં.
(આ બાબતે ટેક્સ ટુડે સાથે વાત કરતાં ટેક્સ ટુડે એક્સપર્ટ અને જાણીતા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ દિવ્યેશ સોઢા જણાવે છે કે ૨૯.૦૨.૨૦૨૦ ના રોજ જે લોન ની રકમ બાકી હશે તેના ૨૦%ની લિમિટમાં આ વધારાની રકમ આપવામાં આવશે. આ લોન દ્વારા ધંધાકીય એકમોને તરલતા આપવાનો પ્રયાસ સરકાર દ્વારા કરવામાં આવ્યો છે.)
- મુશ્કેલીમાં હોય તેવી MSMEને પણ લોન આપવામાં આવશે. આ લોન સ્ટ્રેસ્ડ (આર્થિક રીતે મુશ્કેલીમાં હોય તેવી) MSMEના પ્રમોટરો ને આપવામાં આવશે. આ પ્રમોટરો એ આ રકમ મૂડી તરીકે જે તે એકમોમાં લઈ જવાની રહેશે. ૨૦ હજાર કરોડની આ લોન આપવામાં આવશે.
- સરકાર દ્વારા ફંડ ઓફ ફંડ ની સ્થાપના કરવામાં આવશે. આ ફંડ 'મધર ફંડ' તથા 'ડોટર ફંડ' વડે કામ કરશે. જે MSMEમાં સફળતાની શક્યતાઓ હોય તેમના માટે સરકાર દ્વારા આ ફંડ આપવામાં આવશે. જે ઈક્વિટી (મૂડી) રૂપે હશે.
- MSME માટે હવે મૂડી ઉપરાંત ટર્નઓવર પણ ધ્યાને લઈ શકશે. MSMEના નિયમો મુજબ હવે નીચે મુજબની લિમિટ ધ્યાને લેવાની રહેશે.

| | |
|---|---|
| માઇક્રો એન્ટરપ્રાઇઝ (શૂક્ષ્મ ઉદ્યોગ) | ૧ કરોડથી ઓછું મૂડી રોકાણ તથા ૫ કરોડથી ઓછું ટર્નઓવર |
| સ્મોલ એન્ટરપ્રાઇઝ (લઘુ ઉદ્યોગ) | ૧૦ કરોડથી ઓછું મૂડી રોકાણ તથા ૫૦ કરોડથી ઓછું ટર્નઓવર |
| મીડિયમ એન્ટરપ્રાઇઝ (મધ્યમ ઉદ્યોગ) | ૨૦ કરોડથી ઓછું મૂડી રોકાણ તથા ૧૦૦ કરોડથી ઓછું ટર્નઓવર |

- ૨૦૦ કરોડ સુધીના સરકારી ખરીદીના કોન્ટ્રાક્ટ માટે સ્વદેશી ઉદ્યોગોજ ટેન્ડર ભરી શકશે. વિદેશી કંપનીઓ આ ખરીદ કોન્ટ્રાકટમાં ભાગ લઈ શકશે નહીં. સ્વનિર્ભર ભારત માટે આ એક ખૂબ મહત્વનું પગલું છે.
- કેન્દ્ર સરકાર તથા સરકારી કંપનીઓ એ MSMEને ચૂકવવાની બાકી તમામ રકમ આવતા ૪૫ દિવસમાં ચૂકવી આપવાની રહેશે. આ કારણે આ એકમો ની તરલતા સુધરશે.
- માર્ચથી લઈને ઓગસ્ટ સુધીના એમ્પ્લોયી પ્રોવિડંટ ફંડ (EPF)નું ચુકવણી સરકાર દ્વારા કરવામાં આવશે. કર્મચારી નો હિસ્સો તથા નોકરીદાતાઓંનો હિસ્સો બંને સરકાર દ્વારા આપવામાં આવશે. આ લાભ ૨૫૦૦ કરોડનો રહેશે. આ જોગવાઈથી ૩.૬૭ લાખ એકમો તથા ૭૨.૨૨ લાખ કર્મચારીઓને લાભ થશે. આ જાહેરાત હેઠળ ૧૦૦થી ઓછા કર્મચારીઓ તથા ૧૫૦૦૦ સુધીની આવક ધરાવતા કર્મચારીઓ ને લાભ મળશે.
(આ અંગે વાત કરતાં જાણીતા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ ચિંતન પોપટ જણાવે છે કે આ રાહત ધંધાકીય એકમ તથા કર્મચારી બંને માટે ખૂબ ઉપયોગી બનશે. દેખીતી રીતે આ રાહતો નો અનુભવ EPF હેઠળ આવતા તમામ એકમો તથા કર્મચારીઓ કરશે તે બાબત ચોક્કસ છે.)
- સ્ટેચ્યુંટરી PF નોકરીદાતાએ ૧૨%ના બદલે ૧૦% ચૂકવવાનું રહેશે. જો કે કેન્દ્ર સરકાર તથા PSU પોતાના કર્મચારીઓ માટે આ PF ૧૨% લેખે ચૂકવશે. જ્યારે કર્મચારીની કપાત ૧૦% જ કરવામાં આવશે. આ જોગવાઈ આવતા ૩ મહિના માટે રહેશે. ૬૭૫૦ કરોડનો લાભ આ દ્વારા મળશે.
- નોન બેંકિંગ ફાઇનન્સ કંપની, હાઉસિંગ ફાઇનન્સ કંપની, માઇક્રો ફાઇનન્સ કંપની ઑને ૩૦ હજાર કરોડની રોકડ સહાય.
- પાર્શિયલ ક્રેડિટ ગેરંટી સ્કીમ દ્વારા નોન બેંકિંગ ફાઇનન્સ કંપની, હાઉસિંગ ફાઇનન્સ કંપની, માઇક્રો ફાઇનન્સ કંપની ઑને ૪૫૦૦૦ કરોડ ની સહાય. આમાં ભારત સરકાર લોન લેનાર ની ગેરંટર રહેશે.
- કેન્દ્ર સરકાર ની એજન્સી નીચેના તમામ કોન્ટ્રાકટરો માટે તમામ કોન્ટ્રાક્ટ ની મુદત ૬ મહિના સુધી આપોઆપ વધારી દેવામાં આવશે. જો કે આ વધારાના સમય માટે તેઓને કોઈ વધારાની રકમ ચૂકવવામાં આવશે નહીં.
- કોન્ટ્રાકટરની તરલતા માટે ઉપયોગી બનવા કેન્દ્ર સરકાર ના કોન્ટ્રાકટરની બેન્ક ગેરંટી, જેટલા કામ પુર્ણ થયા હોય તેટલા પ્રમાણમા પરત કરવામાં આવશે.
- RERA હેઠળની નોંધણી ધરાવતા રિયલ એસ્ટેટ પોજેક્ટ માટે કામ પૂર્ણ કરવા માટેનો સમય ૬ મહિના વધારવામાં આવશે.
- જે પ્રોજેકટની RERA નોંધણી ૨૫ માર્ચ કે તેથી પછી પૂર્ણ થતી હોય તેમના માટે રિન્યૂની મુદત ૬ મહિના સુધી વધારવામાં આવશે.
- RERA હેઠળ કરવાની થતી પ્રક્રિયામાં મુદત વધારવામાં આવશે.
- સેલેરી (પગાર) સિવાયના કરવાના થતાં ઈન્કમ ટેક્સ હેઠળના TDS તથા TCSના દરોમાં ૨૫%નો ઘટાડો કરવામાં આવશે. આ ઘટાડેલા દરો માત્ર રહીશ કરદાતાઓ (રેસિડંટ ટેક્સ પેયર) માટે લાગુ પડશે. આ ઘટાડેલા દરો (૧૪ મે ૨૦૨૦)થી થતી ચુકવણી ને લાગુ પડશે. આમ, કરવાથી ૫૦,૦૦૦/- કરોડ ની લિક્વિડિટી નો ફાયદો થશે.
- કોર્પોરેટ સિવાયના તમામ બાકી ઈન્કમ ટેક્સ રિફંડ તુરંતજ ચૂકવવામાં આવશે.
- નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ માટેના ઈન્કમ ટેક્સ રિટર્ન ની મુદતમાં નીચે મુજબ વધારો કરવામાં આવશે.
- ૩૧ જુલાઇ તથા ૩૧ ઓક્ટોબર ના રોજ ભરવાના થતાં ઈન્કમ ટેક્સ રિટર્ન ની મુદત ૩૦ નવેમ્બર સુધી વધારવામાં આવી.
- ટેક્સ ઓડિટ કરાવવાની ઓડિટ કરવવાની મુદતમાં ૩૦ સપ્ટેમ્બર થી ૩૧ ઓક્ટોબર ૨૦૨૦ સુધી વધારો કરવામાં આવશે.
- ૩૦ સપ્ટેમ્બર સુધીમાં પૂર્ણ થતી ઈન્કમ ટેક્સ આકારણી ની મુદત ૩૧ ડિસેમ્બર ૨૦૨૦ સુધી લંબાવવામાં આવશે . જે આકારણી ૩૧ માર્ચ ૨૦૨૧ સુધી પૂર્ણ કરવાની હોય છે તેની મુદત ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૧ સુધી વધારવામાં આવશે.
- ઈન્કમ ટેક્સ હેઠળ ની સમાધાન યોજના વિવાદ સે વિશ્વાસ સ્કીમ ની મુદત ૩૧ ડિસેમ્બર ૨૦૨૦ સુધી વધારવામાં આવશે. ૩૧ ડિસેમ્બર સુધી આ યોજના હેઠળ ચુકવણી કરનાર કરડાતા એ વધારાની રકમ ભરવાની રહેશે નહીં.

### આર્થિક પેકેજ ભાગ ૨ ના મુખ્ય મુદ્દાઓ:

- રાજ્યો સરકારોની મદદ વડે આવતા ૨ મહિના સુધી તમામ સ્થળાંતર કરનાર શ્રમિકોને રાશન મળી રહે તેવી કેન્દ્ર સરકાર દ્વારા જાહેરાત કરવામાં આવેલ છે. આ લાભ એવા શ્રમિકોને પણ મળશે જે NFSA અથવા તો રાજ્ય સરકારના કાર્ડ ધારકો નથી. આ રાહતનો અંદાજિત ખર્ચ ૩૫૦૦ કરોડ થશે જે તમામ ખર્ચ કેન્દ્ર સરકાર ભોગવશે. જો કે આ યોજનાની અમલીકરણની જવાબદારી રાજ્ય સરકારોની રહેશે.
- સામાન્ય રીતે સ્થળાંતરીત પરિવારો (એક રાજ્યમાંથી બીજા રાજ્યમાં જતાં પરિવારો)ને અન્ય રાજયમાં રાશન સહાય મળતી નથી. રેશન કાર્ડનો ઉપયોગ ભારત માં ગમે તે રાજ્યો માં થઈ શકે તેવી પોર્ટેબીલીટી અંગેની કામગીરી શરૂ થઈ ગયેલ છે. આવતા ૩ માહિનામાં ૬૭ કરોડ લાભાર્થીને 'વન નેશન વન રેશન કાર્ડ' આપવામાં આવશે અને લગભગ ૮૩% જરૂરિયાત વાળા લોકોનો આ યોજના માં સમાવેશ કરી લેવામાં આવશે. માર્ચ ૨૦૨૧ સુધીમાં સંપૂર્ણ દેશમાં ૧૦૦% નેશનલ પોર્ટેબિલિટી અમલી બની જશે.
- નાના ધંધાઓએ COVID-19ના કારણે ખૂબ મુશ્કેલી ભોગવી છે. સરકાર દ્વારા આ નાના ધંધાર્થીઓ માટે મુદ્રા યોજના અંતર્ગત ૫૦૦૦૦ સુધીની શિશુ લોન આપવામાં આવી રહી છે. RBI દ્વારા અગાઉ લોન ભરપાઈ માટે મુદત વધારવામાં આવેલ છે. આ ઉપરાંત ભારત સરકાર દ્વારા આ લોનના લાભાર્થીઓને આવતા ૧૨ મહિના સુધી વ્યાજમાં ૨%ની રાહત આપવામાં આવશે. આ રાહત જે લાભાર્થી સમયસર ચુકવણી કરશે તેમણે આપવામાં આવશે. આ રાહતોના કારણે ૧૫૦૦ કરોડ નો ફાયદો મુદ્રા સ્કીમ હેઠળ શિશુ લોન ધારકો ને મળશે.
- શેરી વિક્રેતાઓ (ફેરિયાઓ) માટે પણ COVID-19ના કારણે ખૂબ નુકસાન ભોગવ્યું છે. આ પ્રકાર ના શેરી વિક્રેતાઓ ને ૧૦૦૦૦/- રૂપિયા ની ધંધા જરૂરિયાત ની લોન આપવામાં આવશે. જો આ શેરી વિક્રેતાઓના ચુકવણીની નિયમિતતા જોઈ તેના ઉપરથી તેઓને વધારાની ધંધાકીય લોન આપવામાં આવશે. આ શેરી વિક્રેતાઓને ડિજિટલ પેમેન્ટ સ્વીકારવા આર્થિક પ્રોત્સાહનો આપવામાં આવશે. આ યોજનાથી લગભગ ૫૦ લાખ શેરી વિક્રેતાઓને ને લાભ થશે. કેન્દ્ર સરકારના આ પગલાથી ૫૦૦૦ કરોડની તરલતા આવશે.
- સ્થળાંતરીત શ્રમિકોને ઘર ભાડે મેળવવા ઘણી તકલીફો પડતી હોય છે. સરકાર પ્રધાન મંત્રી આવાસ યોજના હેઠળ પબ્લિક પ્રાઈવેટ ભાગીદારી દ્વારા એફોરડેબલ રેન્ટલ હાઉસિંગ કોમ્પ્લેક્સ બનાવવામાં આવશે. આ ઉપરાંત ઉત્પાદક એકમો, ઉદ્યોગો, સંસ્થાઓને પોતાની જગ્યાઓ ઉપર એફોરડેબલ રેન્ટલ હાઉસિંગ કોમ્પ્લેક્સ બનાવવા તથા તેનું સંચાલન કરવા પ્રોત્સાહિત કરવામાં આવશે. આજ પ્રમાણે રાજ્ય સરકારો તથા કેન્દ્ર સરકારની સંસ્થાઓને આ પ્રકારના એફોરડેબલ રેન્ટલ હાઉસિંગ કોમ્પ્લેક્સ બનાવવા તથા સંચાલન કરવા પ્રેરિત કરશે.
- ૬૦૦૦ કરોડની યોજનાઓ કંપેનસેટરી એફોરેસ્ટેશન મેનેજમેંટ એન્ડ પ્લાનિંગ ઓથોરીટી દ્વારા ટૂંક સમયમાં અમલમાં મૂકવામાં આવશે. આ યોજના થી વનીકરણ દ્વારા રોજગારીની તકો વધારવામાં આવશે. આ યોજનાનો મહતમ લાભ પછાત વિસ્તારોમાં આદિવાસીઓં ને મળશે.
- નાના તથા મધ્યમ ખેતી ધરાવતા કિસાનોને વધારાની લોન ૩૩ રાજ્ય તથા ૩૫૧ જિલ્લા કો ઓપરેટિવ બેન્કો દ્વારા તથા ૪૩ રીઝીનલ રૂરલ બેન્કો (RRB) દ્વારા આપવામાં અવશે. ખેડૂતોને આ લોન વડે રવિ પાક તથા ખરીફ પાક માટે ઉપયોગી બનશે.
- ખેડૂતો, માછી મારો તથા પશુ પલકોને કિસાન ક્રેડિટ કાર્ડ હેઠળ વધારાની લોન આપવામાં આવશે. આ યોજના હેઠળ ૨ લાખ કરોડની લોન આપવામાં આવશે તથા ૨.૫ કરોડ ખેડૂત, માછીમારો તથા પશુ પાલકોને આ યોજનાનો લાભ મળશે.
- ૬ થી ૧૮ લાખ સુધીની વાર્ષિક આવક વાળા મધ્યમ વર્ગીય લોકો માટે ઘર ખરીદવા સબસિડી મે ૨૦૧૭ થી આપવામાં આવી રહી છે. આ યોજના માર્ચ ૨૦૨૧ સુધી વધારવામાં આવશે. આ યોજના હેઠળ હેઠળ ૨૦૨૦-૨૧માં ૨.૫ લાખ મધ્યમ વર્ગીય લોકોને લાભ આપવામાં આવશે. આ લાભ મધ્યમ વર્ગીય લોકો ને થવા ઉપરાંત હાઉસિંગ સેક્ટર ને પણ લાભ કરશે તથા તેને લગતી સ્ટીલ, સિમેન્ટ, ટ્રાન્સપોર્ટ વગેરેને પણ લાભ કરશે. આ ઉપરણ વિપુલ પ્રમાણમા રોજગારીની તકોનું નિર્માણ થશે.

### આ આર્થિક પેકેજ ૩ની મહત્વની બાબતો નીચે મુજબ છે.

- ખેડૂતો સ્ટોરેજ તથા લલણી બાદ ની સુવિધાના અભાવે નુકસાન ભોગવતા હતા. સરકાર દ્વારા ૧ લાખ કરોડ ખેતી એગ્રીગેટર્સ, ખેતી વિષયક ઉદ્યોગો, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, સ્ટોરેજ ફેસિલિટી, કોલ્ડ સ્ટોરેજ, કિસાન ઉત્પાદક સંઘ વી.ને માળખાકીય સુવિધાઓ વધારવા સરકાર સહાય કરશે. આ યોજના હેઠળ ખાનગી એકમોનો પણ સમાવેશ થશે. આ લાભ, ખેતી વિષયક સ્ટાર્ટ અપ ને પણ લાભ આપવામાં આવશે. લલણી બાદની પ્રક્રિયાઓનો પણ વિકાસ માળખાકીય સુવિધા તરીકે કરવામાં આવશે. આ માટે ત્વરિત એક ફંડ ની સ્થાપના કરવામાં આવશે.
- સૂક્ષ્મ ખાદ્ય એકમો ને સરકાર દ્વારા આંતરરાષ્ટ્રીય સ્તર પર પોતાના ઉત્પાદનો વેચવા, માર્કેટિંગ કરવા મદદ કરશે. ખાદ્ય ચીજવસ્તુઓ ઉત્પાદન કરતાં એકમો, હેલ્થ એન્ડ વેલનેસ ચીજ વસ્તુ, ન્યુટ્રીશન પ્રોડક્ટસ ના ઉત્પાદન કરતાં એકમો વગેરે એકમો ને ઉત્પાદન, બ્રાન્ડિંગ, માર્કેટિંગ વગેરેમાં સરકાર દ્વારા મદદ કરવામાં આવશે. આ કારણે ખેતી, રોજગારીમાં ફાયદાઓ મળશે. આ યોજના ના કારણે ૨ લાખ એકમો ને લાભ મળશે. આ માટે ૧૦ હજાર કરોડ ની સરકાર દ્વારા ફાળવણી કરવામાં આવશે. પ્રધાન મંત્રી મોદી દ્વારા જાહેર કરાયેલ 'વોકલ ફોર લોકલ વિથ ગ્લોબલ આઉટરીચ' માટે આ યોજના કામ કરશે.
- મત્સ્ય ઉદ્યોગ વિષયક લોજિસ્ટિક (ટ્રાન્સપોર્ટેશન), મત્સ્ય ઉદ્યોગને ઉપયોગી બનવા નવા બંદરો વિકસાવવા માં આવશે. માછી મારો ને તથા તેમની બોટ ને વીમા કવચ પૂરું પાડવામાં આવશે. આ કારણે મત્સ્ય ઉદ્યોગ નું ઉત્પાદન વધશે. પ્રધાનમંત્રી મત્સ્ય સંપદા યોજના હેઠળ સમુદ્રી માછીમારી માટે 11000 કરોડ તથા મત્સ્ય ઉદ્યોગ ના ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસ માટે ૯૦૦૦ કરોડ ની ફાળવણી કરવામાં આવશે. આમ કુલ ૨૦૦૦૦ કરોડ ની ફાળવણી મત્સ્ય ઉદ્યોગ માટે કરવામાં આવશે. આ યોજના ના કારણે ૫૫ લાખ લોકો ને રોજગારી મળશે. આ યોજના ના કારણે મત્સ્ય ઉદ્યોગ ના કારણે ભારતનું નિકાસ બમણું થઈ ૧૦૦૦૦૦ કરોડ એ પહોચશે. આ યોજના માં ટાપુઓ, હિમાલય ઉપર આવેલ રાજ્યો, ઉતાર-પૂર્વ રાજ્યો ની ઉપર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે.
- રાષ્ટ્રીય પ્રાણી રોગ બચાવ યોજના જે પશુ ધન ના 'ફૂટ એન્ડ માંઉથ ડીસીસ'ના તમામ રોગો માટે શરૂ કરવામાં આવેલ છે. આ યોજના હેઠળ હાલ ૧.૫ કરોડ પશુઓને આ રસીકરણ યોજના હેઠળ રસી આપવામાં આવ્યા છે. આ રસી ભારતના ૧૦૦% પશુઓને આપવામાં આવે તે સરકાર ની પ્રાથમિકતા રહેશે. ભારત સૌથી મોટા લાઈવ સ્ટોક (પશુઓ) નો દેશ છે. ૧૩૩૪૩ કરોડની ફાળવણી દ્વારા આ યોજનાથી ૫૩ કરોડ પશુઓને લાભ મળશે. જેનાથી આપણાં ડેરી ઉદ્યોગની સ્વીકાર્યતા આંતરરાષ્ટ્રીય સ્તરે વધશે. ડેરી ઉદ્યોગ માં તથા કેટલ ફીડ ઉદ્યોગની માળખાકીય સુવિધાઓ વધારવામાં આવશે. આ માટે ખાનગી સાહસોને પણ પ્રોત્સાહન આપવામાં આવશે. એનિમલ હસબંડરી ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલોપમેન્ટ ફંડ માટે ૧૫૦૦૦ કરોડની ફાળવણી.
- હર્બલ તથા મેડીસિનલ પ્લાંટિંગ માટે ૪૦૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે. ૧૦ લાખ હેક્ટરમાં આ પ્રકારની ખેતી કરવામાં આવશે. આ કારણે કિસાનોની આવક ૫૦૦૦ કરોડ જેટલી વધશે. આ ઉપરાંત હર્બલ તથા મેડિસિનલ પ્લાન્ટસ થી ભારતીય દવા ઉદ્યોગ ને ફાયદો થશે.
- મધ સવર્ધન ઉદ્યોગને લાભ આપવા ૫૦૦ કરોડની ફાળવણી કરવામાં આવશે. આ કારણે ૨ લાખ મધમાખી પલકોને ફાયદો થશે. આ કારણે 'વેક્સ' જે મેડીસિનલ, ખાદ્ય-અખાદ્ય વેક્સ ની આયાત ઘટશે. ઉપભોગતાઓંને સારું મધ મળી રહે તે પણ એક ફાયદો રહેશે.
- ઓપરેશન હેઠળ ટેમેટા, ડુંગળી, બટેટા તથા અન્ય શાક ભાજીના ઉત્પાદન માટે ટ્રાન્સપોર્ટેશનમાં ૫૦ % સબસિડી, સ્ટોરેજ માટે પણ ૫૦% સબસિડી આપવામાં આવશે. આ માટે સરકાર દ્વારા ૫૦૦ કરોડનું પ્રવધાન.
- તેલી બિયા, તેલ, અનાજ, કઠોળ, ડુંગળી, તથા બટેટા વગેરે જેવી ખેત પેદાશોને 'એશેનશિયલ કમોડિટી એક્ટ, ૧૯૫૫' (એસ્મા) માથી બહાર કાઢી નાખવામાં આવશે. આ ચીજવસ્તુઓને આ કાયદા હેઠળની યાદીમાંથી બહાર નીકળી દેવામાં આવશે જેનાથી ખેડૂતોને સારા ભાવ મળશે. દુષ્કાળ, રાષ્ટ્રીય આપદા વગેરે જેવી ખાસ જરૂરિયાત વાળા સમયમાં જ આ ચીજ વસ્તુઓ ને સરકાર 'એસ્મા' હેઠળ લાવી શકશે. આ ચીજવસ્તુઓ સાથે જોડાયેલા ઉદ્યોગો તથા એક્સપોર્ટ એકમો ને પણ આ ચીજવસ્તુઓ ના સ્ટોક બાબતે કોઈ લિમિટ લાગુ નહીં પડે. સરકાર આ કાયદામાં ફેરફાર ટૂંક સમયમાં લાવશે.
- ખેડૂતો પોતાની પેદાશો અન્ય રાજ્યોમાં પણ વેંચી શકે તેવી વ્યવસ્થા કરવામાં આવશે. ખેડૂતો માત્ર ખેતીવાડી ઉત્પન બજાર સમિતિનું લાઈસન્સ ધરાવતા વ્યક્તિને વેચાણ કરી શકશે તે નિયમ માં બદલાવ કરવામાં આવશે. ખેડૂતો જ્યાં ઈચ્છે ત્યાં પોતાના ચીજ વસ્તુ વેંચી શકે તે અંગે કેન્દ્રિય કાયદો લાવવામાં આવશે. ખેડૂતો ઇ-ટ્રેડિંગ વડે પોતાના ઉત્પાદન વેંચી શકે તેની શરૂઆત કરવામાં આવશે.
- ખેડૂતોને પોતાના ઉત્પાદનોના સાચા ભાવ મળી શકે તેવી વ્યવસ્થા ઊભી કરવામાં આવશે. આ વ્યવસ્થા દ્વારા ખેડૂતોને પોતાનું ઉત્પાદન કરતાં સમયે જ જો ભાવ અંગે બહેધરી આપવામાં આવે તો તેઓને ઘણી રાહત મળી શકે તેમ છે. આ અંગે સરકાર કાયદાકીય જોગવાઈ કરશે. આમ કરવાથી ખેડૂત જ્યારે પણ પોતાની ફસલ ઉગાડવા આગળ વધશે ત્યારેજ તેમના ચીજ વસ્તુના ઉત્પાદનના ભાવ અંગે તેમણે જાણકારી હશે. ખેતીને લગતા ઉદ્યોગો માટે પારદર્શિતા પણ આ પગલાંથી વધશે.

### આ આર્થિક પેકેજ ભાગ ૪ની મહત્વની બાબતો નીચે મુજબ છે.

- કોલ ક્ષેત્રે કમર્શિયલ માઈનિંગ માટે છૂટ આપવામાં આવશે. હાલ માં જે કોલ સેક્ટર છે તે સરકારી અંકુશ હેઠળ છે. આ ક્ષેત્રે હરીફાઈ લાવવા, પારદર્શિતા લાવવા ખાનગી ક્ષેત્ર ને આમંત્રિત કરવામાં આવશે. વિશ્વમાં ૩જા નંબરનો કોલસાનો ભંડાર હોવા છતાં ભારતે કોલસાની આયાત કરવી પડે તે બાબત ઘણી આશ્ચર્યજનક ગણાય. કોલસાના ૫૦ બ્લોક તાત્કાલિક માઈનિંગ માટે આપવામાં આવશે. આ માટે ૫૦૦૦૦ કરોડ ની ફાળવણી સરકાર દ્વારા કરવામાં આવશે. કોલસાના ખનન દરમ્યાન પર્યાવરણને સૌથી ઓછું નુકસાન થાય તેવી ટેકનોલોજિનો ઉપયોગ થાય તેવા પ્રયત્ન કરવામાં આવશે. દરેક મંત્રાલય માં પ્રોજેકટ ડેવલોપમેંટ સેલ બનાવવામાં આવશે. રાજ્યોની નીતિઓ મુજબ કેન્દ્ર સરકાર તેમણે રેંકિંગ આપશે. સોલાર એનર્જી બાબતે ખૂબ ધ્યાન આપવામાં આવશે.
- મિનરલ ક્ષેત્રે 'સિમલેસ કંપોઝીટ એક્પ્લોરેશન કમ માઈનિંગ કમ પ્રોડકશન રિજીમ' આવશે. જે અંતર્ગત ખનન પ્રવૃતિ તથા ઉત્પાદન ક્ષેત્રે ઘણી અનિશ્ચિતતા તથા વિધિઓ દૂર થશે. સાથે જરૂરિયાત વાળા મિનરલ્સની નીલામી સાથે કરવામાં આવશે. આમ કરવાથી ઉત્પાદન ખર્ચ ઘટશે. ઉદાહરણ તરીકે બોકસાઈટ તથા એલ્યુમિનિયમ ની નીલામી સાથે કરવામાં આવશે. કેપ્ટિવ તથા નોન કેપ્ટિવ માઇનસ બંન્ને માટે વધારાના મિનરલ વેંચવા અંગે સરળતા લાવવામાં આવશે. માઈનિંગ લીઝ માટે ચૂકવવાની થતી સ્ટેમ્પ ડ્યૂટી ઘટાડવામાં આવશે.
- ભારતને ડિફેન્સ ક્ષેત્રે સ્વનિર્ભર બનાવવાની નેમ સરકાર દ્વારા લેવામાં આવેલ છે. ભારતમાં ઉત્પન થતાં શસ્ત્રો વધારવામાં આવશે. અમુક ખાસ શસ્ત્રો જેની જાહેરાત કરવામાં આવશે તેમનું ઉત્પાદન ભારતમાં જ કરવામાં આવશે અને આ લિસ્ટ દર વર્ષે વધારવામાં આવશે. આ લિસ્ટ મુજબના શસ્ત્રો ભારત સિવાય બહારથી ખરીદી શકશે નહીં. ડિફેન્સ આર્ટિકલ્સ નું ઉત્પાદન કોર્પોરેટ ધોરણે કરવામાં આવશે. નાણાં મંત્રીએ ખાસ ભાર મૂકી ને જણાવ્યુ હતું કે આ બાબતને પ્રાઈવેટાઈઝ કરવામાં નથી આવતું. ડિફેન્સ મેન્યૂફેકચરિંગ કંપનીઓ ને શેર માર્કેટ માં લિસ્ટ કરવામાં આવશે અને સામાન્ય નાગરિકો શેર પણ ધારણ કરી શકશે. આ ક્ષેત્ર માં ફોરેન ડાઈરેક્ટ ઈન્વેસ્ટમેંટ (FDI) ૪૯%થી વધારી ૭૪% કરવામાં આવ્યું છે. ડિફેન્સ ને લગતી ખરીદીઓ ને ટાઈમ બાઉન્ડ કરી આપવામાં આવશે. ડિફેન્સ ચીજ વસ્તુઓની ખરીદીની પ્રક્રિયા વ્યાવહારિક પણ બનાવવામાં આવશે.
- ભારતમાંની માત્ર ૬૦% જેટલી 'એર સ્પેસ'નો જ ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. બાકી ની 'એર સ્પેસ' ડિફેન્સ કારણોસર ઉપયોગ કરી શકતા નથી. આ કારણે લોકોએ વધુ લાંબા રુટ ઉપર યાત્રા કરવી પડે છે. સરકાર વધુ માં વધુ 'એર સ્પેસ'નો ઉપયોગ કરવા પ્રયત્નો કરશે. આમ કરવાથી ગેસોલીનની બચત થશે, પાઈલટ, ક્રૂ તથા યાત્રીઓનો સમય બચશે અને તેની સાથે પર્યાવરણની પણ જાળવણી થશે. આમ કરવાથી વાર્ષિક ૧૦૦૦ કરોડ ની બચત થશે. ભારતમાં નાગરિક ઉદયન માટે ખૂબ મોટી તકો છે.
- અગાઉ એરપોર્ટ ઓથોરીટી દ્વારા ૩ એરપોર્ટની જાળવણી તથા સંચાલન માટે પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશિપ માટે આપી દીધા છે. આ ઉપરાંત બીજા રાઉન્ડમાં ૬ એરપોર્ટ આ રીતે આપવાની નીલામીની પ્રક્રિયા ટૂંક સમયમાં ચાલૂ થશે. આ સિવાય ત્રીજા રાઉન્ડમાં બીજા ૬ એરપોર્ટ જાળવણી માટે અને સંચાલન માટે આપવામાં આવશે. આ એરપોર્ટ માં ખાનગી ક્ષેત્ર દ્વારા ૧૩૦૦૦ કરોડ જેટલું રોકાણ કરશે તેવો અંદાજ છે. એરપોર્ટ ઓથોરીટી ઓફ ઈન્ડિયા ને એક સાથે ૨૩૦૦ કરોડ મળશે. યાત્રીઓને આમ થવાથી વિશ્વ કક્ષાની સગવડો મળશે.
- ભારત એ વિશ્વની એરક્રાફ્ટ જાળવણી, રિપેર્સ માટેનું મોટું હબ બનશે. આ સગવડને MRO (Maintenance, Repairs Over-haul) કહેવામા આવે છે. હાલ, મોટાભાગના ભારતના એરોપ્લેન ની જાળવણી તથા રિપેર્સ વિદેશોમાં થઈ રહી છે. ભારત પાસે આ ક્ષેત્રે વિપુલ તકો રહેલી છે. MRO માટે સરકાર દ્વારા ટેક્સ માં છૂટછાટ આપવામાં આવશે. આમ થવાથી વિશ્વના મોટા એન્જિન બનાવતા ઉત્પાદકોએ એન્જિન રિપેર્સની સગવડો ભારતમાં શરૂ કરશે. આમ કરવાથી એરોપ્લેન ની જાળવણી તથા રિપેર્સનો ખર્ચ ઘટશે. આનો લાભ યાત્રીઓને પણ મળશે.
- પાવર સેક્ટરને કેન્દ્ર શાશિત રદેશમાં પ્રાઈવેટાઇઝેશન કરવામાં આવશે. ગ્રાહકોના આદિકારોનું ખાસ ધ્યાન રકવામાં આવશે. સમગ્ર દેશમાં લોડ શેડિંગ જેવી બાબતો ને નિયંત્રિત કરવામાં આવશે. આમ કરવાથી વિદ્યુત ઉત્પાદન વધશે અને ગ્રાહકોને વધુ સારી સગવડો મળશે. પ્રિ પેઇડ મીટરની શરૂઆત કરવામાં આવશે. આ અંગેની સબસિડી હવે ડાયરેક્ટ બેન્ક ક્રેડિટ (DBT) દ્વારા આપવામાં આવશે. પાવર ડિસ્ટ્રિબ્યુશનમાં તેજી આવશે. આ અંગેની શરૂઆત કેન્દ્ર શાસીત પ્રદેશોથી કરવામાં આવશે. કેન્દ્ર સરકાર મને છે કે આ યોજના જોઈ તમામ રાજ્યો પોતાના રાજયમાં આનું અનુકરણ કરવા પ્રયત્નશીલ બનશે.

(અનુસંધાન ૩જા પાને)

# સવાલ આપના જવાબ 'ટેક્સ ટુડે' એક્સપર્ટના

## જી.એસ.ટી.

**અમારા અસીલ જાડી રેતીની ખરીદી કરી તેનું વેચાણ કરે છે. રેતી ની ખરીદીમાં રિક્ષા કે ટેમ્પો દ્વારા કાર્ટિંગ કરવામાં આવે છે. આ કાર્ટિંગની ઇનવર્ડ સપ્લાય મોટા ભાગે GST હેઠળ બિન નોંધાયેલ હોય છે. તેઓ GTA તરીકે પણ રજિસ્ટર્ડ નથી હોતા. શું અમારા અસિલે ઇનવર્ડ સપ્લાય ઉપર RCM ભરવો પડે? - સંદીપ પટેલ, એકાઉન્ટન્ટ**

જવાબ: RCM લાગુ થવા માટે GTA હોવું જરૂરી છે. GTA બનવા સૌથી મહત્વનુ કંસાઇનમેંટ નોટ છે. તમારા કિસ્સામાં અમારા મતે જે કાર્ટિંગ ની ઇનવર્ડ સપ્લાય થાય છે તે GTA ગણાય નહીં. અને RCM લાગુ પડે નહીં.

**જી.એસ.ટી. કાયદા હેઠળ કલમ ૨૫ હેઠળ મરજિયાત નોંધણી દાખલો મેળવવા અરજી કરવામાં આવે તે નોંધણી દાખલો અરજી કર્યા તારીખ થી લાગુ પડે કે નોંધણી આપવામાં આવે તે તારીખ થી? અમારા મતે આ નોંધણી દાખલો અરજી કર્યા તારીખ થી લાગુ પડે? આપનો અભિપ્રાય જણાવશો. - રમેશભાઈ કોટક, ટેક્સ એડવોકેટ, વેરાવળ**

જવાબ: જી.એસ.ટી. નિયમો ના નિયમ ૧૦ હેઠળ રજીસ્ટ્રેશન ક્યારથી અમલી બને તે અંગે ઉલ્લેખ છે. આ નિયમ માં મરજિયાત નોંધણી કલમ ૨૫(૩) માટે કોઈ ઉલ્લેખ કરવામાં આવ્યો નથી. આમ, આ દ્વિધા પ્રવર્તી રહી છે. અમારા માટે આ નિયમનું ''કંસર્વેટિવ ઇન્ટરપ્રિટેશન' કરવું જોઈએ અને જ્યારથી નોંધણી દાખલો આપવામાં આવે તે તારીખ થી નોંધણી મળેલ ગણાય. આ અસ્પસ્ટતા ના કારણેજ ઘણા અધિકારીઓ આ નોંધણી દાખલો અરજી તારીખ થી અમલી બનાવે છે અને ઘણા અધિકારી નંબર આપ્યા તારીખને અમલી તારીખ ગણે છે.

**હું એક સોની વેપારી છું. મારૂ ધંધાનું ટર્નઓવર ૪૦ લાખ થી નીચું છે. હું જી.એસ.ટી. નંબર રદ કરાવવા માંગુ છું. મારા એડવોકેટ કહે છે કે નોંધણી દાખલો રદ થાય તો સ્ટોક ઉપર જી.એસ.ટી. ભરવાનો રહે? મારા ચોપડે અંદાજે ૫ કિલો જેટલો સ્ટોક છે. શું આ સ્ટોક ઉપર આજની માર્કેટ વેલ્યૂ ઉપર ટેક્સ ભરવાની જવાબદારી આવે? શું આ ડબલ ટેક્સેશન ના કહેવાય? શું આ વ્યાવહારિક જોગવાઈ કહેવાય? આ અંગે કોઈ રસ્તો ખરી? - એક વેપારી, સુરેન્દ્રનગર**

જવાબ: હા, જી.એસ.ટી. કાયદાની કલમ ૨૯(૫) હેઠળ સ્ટોક ઉપર રહેલ માલ ઉપર ટેક્સ ભરવા તમે જવાબદાર બનો છો. ડબલ ટેક્સેશન અથવા વ્યવહારિકતા વિષે જવાબ આપવો મુશ્કેલ છે. આ અંગે રસ્તો એકજ કહેવાય કે ભવિષ્યમાં આ અંગે કોઈ વેપારી તરફે કોર્ટ દ્વારા ચુકાદા આવે તો કોઈ ફાયદો મળી શકે. ત્યાં સુધી નોંધણી દાખલો ચાલુ રાખી શકવા સિવાય કોઈ વિકલ્પ નથી.

**Covid-19ના કારણે નાણાકીય વર્ષ માં ફેરફાર થયો છે?? આ અંગે વોટ્સ એપ માં મેસેજો આવી રહ્યા છે તે કેટલે અંશે સાચા છે?**
**- એક કરદાતા, ઉના**

જવાબ: ના, આ સમાચાર ખોટા છે. સરકાર દ્વારા નાણાકીય વર્ષ માં કોઈ ફેરફાર કરવામાં આવેલ નથી.

**મારા અસીલ એક બિલ્ડર છે. તેઓ ફ્લેટ બનાવી તેનું વેચાણ કરે છે. તેઓ બિન નોંધાયેલ વ્યક્તિ પાસેથી પ્લંબરની સેવા લે છે. શું આ સેવા ઉપર RCM ભરવા જવાબદાર છે? - દિપેશ ફૂમ્મર, સુરત**

જવાબ: જો બિલ્ડરની કુલ વાર્ષિક ખરીદીમાં ૮૦% કે તેથી ઓછી હોય તો RCM કરવા જવાબદારી આવી શકે છે. જો BUP સર્ટિફિકેટ આવ્યા પહેલા કોઈ એડવાન્સ લેવામાં ના આવ્યા હોય તો જી.એસ.ટી. લાગુ પડે નહીં.

**અમારા અસીલ સરદાર સરોવર નર્મદા નિગમમાં કેનાલ બાંધકામ બાબતે ફક્ત લેબર કામ માટે ના કોન્ટ્રાક્ટ લે છે. શું આ સેવા ઉપર જી.એસ.ટી. ની જવાબદારી આવે? - ધ્રુવી શાહ, અમદાવાદ**

જવાબ: ના, આપના અસીલ એ ગવર્મેન્ટ એનટીટી ને પ્યોર લેબર સર્વિસ પૂરી પડતાં હોય, આ સેવા જી.એસ.ટી. નોટિફિકેશન ૧૨/૨૦૧૭ (રેઇટ) તા.૩૦-૦૬-૨૦૧૭ની એન્ટ્રી ૩ મુજબ કરમુક્ત બને.

**અમારા અસીલ બિલ્ડર છે. તેઓએ બે પ્રોજેક્ટ કરવાના છે. આ પ્રોજેક્ટ પૈકી ૧ પ્રોજેક્ટ એફોરડેબલ હાઉસિંગ નો છે અને એક નોન એફોરડેબલ હાઉસિંગનો છે. આ બંને પ્રોજેક્ટ ઉપર ક્યાં દરે વેરો લાગે? ITC કેવી રીતે મળી શકે? - દિપેશ ફૂમ્મર, સુરત**

જવાબ: આપના અસીલ ના કેસ માં એફોરડેબલ હાઉસિંગના કિસ્સામાં ૧% જી.એસ.ટી. લાગુ પડે તથા નોન એફોરડેબલ હાઉસિંગના કિસ્સામાં ૫% જી.એસ.ટી. લાગુ પડે. બંને કિસ્સાઓમાં ઈન્પુટ ક્રેડિટ મળી શકશે નહીં.

**અમારા અસીલ મ્યુનિસિપાલિટી છે. તેઓ પોતાની લાઈબ્રેરી માટે પુસ્તકો ખરીદે, દવાખાના માટે દવાઓ ખરીદે તો તે RD હોવી જરૂરી છે?૭.૧૭ થી ૧૨.૧૦.૧૭ સુધી કોઈ જવાબદારી આવે? ૧૩.૧૦.૨૦૧૭ બાદ શું જવાબદારી આવી શકે? મંડપ સર્વિસ, લાઈટ કોન્ટ્રાક્ટ કે અન્ય ખર્ચ બાબતે શું જવાબદારી આવે? લાઈટિંગ માલ સમાન ની ખરીદી URDથી કરે તો કલમ ૯(૪) હેઠળ શું જવાબદારી આવે? - ધ્રુવી શાહ, અમદાવાદ**

જવાબ: હા, ૧-૭-૨૦૧૭ થી ૧૨-૧૦-૨૦૧૭ સુધી જો URD ખરીદી કરેલ હોય તો જી.એસ.ટી. કાયદા ની કલમ ૯(૪) RCMની જવાબદારી આવે. ૧૩-૧૦-૨૦૧૭ બાદ, આ ખરીદીઓ ઉપર RCM ભરવાની જવાબદારી આવે નહીં. આપના અસીલ માટે મંડપ સર્વિસ, લાઈટ કોન્ટ્રાક્ટર, લાઈટિંગ માલ સમાન માટે પણ ઉપર ના જવાબ મુજબ જ જવાબદારી આવે.

**અમારા અસીલ ફેક્ટરી હેડ ઓફિસ તરીકે અમદાવાદ ચલાવતા હતા. તેઓની એડિશનલ પ્લેસ બરોડા ખાતે ધરાવતા હતા. હવે તેઓ અમદાવાદ ખાતેની HO બંધ કરવા માંગે છે. HOમાં રહેલ મશીનરી, સ્ટોક વગેરે બ્રાન્ચને શિફ્ટ કરવા માંગે છે. તો હવે HOને બંધ કરવા સમયે કઈ વિધિ કરવાની રહે? જ્યુરિસડિકશનના પ્રશ્નો ઉપસ્થિત થાય? - નીલમ પરમાર, અમદાવાદ**

જવાબ: તમારે HO બંધ કરતાં હોય, હવે બ્રાન્ચને HO બનાવવાની રહે. આ અંગે કોર ફિલ્ડ ચેન્જની એપ્લીકેશન કરવાની રહે. જેથી પ્રિન્સિપાલ પ્લેસનું એડ્રેસ બદલી જાય. ત્યારબાદ બ્રાન્ચ ઓફિસ ડિલીટ કરવાની વિધિ નોન કોર ફિલ્ડમાથી કરવાની રહે. અમારા મતે જ્યુરિસડીકશનના કોઈ પ્રોબ્લેમ ના આવે. આ અંગે આપ ઓફિસર દ્વારા બેક ઓફિસ માં જ્યુરિસડિકશન બદલવાનું રહે.

**અમારા અસીલ વર્ષ ૨૦૧૯ ૨૦ દરમ્યાન તેના વેચનાર વેપારીઓને પોતાના જી.એસ.ટી. નંબર આપેલ હતા. છતાં આ ખરીદીના બિલોની ક્રેડિટ GSTR 2Aમાં દર્શાવતી નથી. આમ છતા અમારા અસિલે ક્રેડિટ લીધેલ છે. આ ક્રેડિટ ની રકમ અત્યારે ૩ લાખ જેટલી મોટી થઈ ગઈ છે. જી.એસ.ટી.આર. ૯માં આની અસર કેવી રીતે આપવી. ક્રેડિટ તફાવતના કારણે કોઈ નોટિસ આવે તો શું જવાબ આપવો? - આશિષપુરી ગૌસ્વામી, ગીર ગઢડા, એકાઉન્ટન્ટ**

જવાબ: GSTR 2Aમાં ક્રેડિટ દર્શાવે તે ઇચ્છનીય છે. પરંતુ જી.એસ.ટી. કાયદાની કલમ-૧૬ મુજબ જો ખરીદી કરી હોય તો આ બિલોની ક્રેડિટ લઈ શકાય. ૨૦૧૯-૨૦ના બિલો હોય તો હજુ સપ્લાયર તે બિલોને સુધારી શકે છે. ખરીદનારે ખાસ આગ્રહ રાખવો જોઈએ કે આ સુધારો કરી આપવામાં આવે. નોટિસ આવે તો જવાબ ગમે તે આપીએ ઓફિસર જી.એસ.ટી. નિયમ ૩૬(૪) મુજબ આદેશ કરશે જ. હાઈકોર્ટમાં રિટ પિટિશન માત્ર વિકલ્પ રહે.

**સરકારી ઓફિસ દ્વારા TDS નંબર લીધેલ હતો. દર મહિને પત્રકો ભરતા હતા. હવે TDS કાપવા પાત્ર કોઈ કામ ના હોવાથી TDS નંબર રદ કરવો છે. વેબસાઈટ ઉપર આ અંગે કોઈ વિકલ્પ નથી. તો આ નંબર રદ કરવા શું કરી શકીએ? - જગદીશભાઈ વ્યાસ, એડવોકેટ, ડીસા**

જવાબ: જ્યાં સુધી TDS નંબર રદની વ્યવસ્થા પોર્ટલ ઉપર શરૂ ના કરવામાં આવે ત્યાં સુધી શૂન્ય રિટર્ન ભરવા સિવાય કોઈ વિકલ્પ નથી. હાલમાં TDSના કાપેલ હોય તે મહિનાનું રિટર્ન ભરવું જી.એસ.ટી. કાયદાની કલમ ૩૭(૩) મુજબ જરૂરી નથી. વધુમાં આપ પ્રોપર ઓફિસરને આ અંગે પત્ર દ્વારા જાણ કરી શકો છો અને TDS નંબરની જરૂરત ના હોય તે અંગે જણાવી શકો છો.




**ટેક્સ ટુડે એક્સપર્ટ:**
**CA મોનીષ શાહ, અમદાવાદ**
**એડવોકેટ લલિત ગણાત્રા, જેતપુર**
**CA દિવ્યેશ સોઢા, પોરબંદર**
**એડવોકેટ ભવ્ય પોપટ**

**જી.એસ.ટી. કાઉન્સીલની ૩૯મી મિટિંગમાં ૫ કરોડ થી ઓછું ટર્નઓવર ધરાવતા કરદાતાઓ માટે જી.એસ.ટી. ઓડિટ માટે મુક્તિ આપેલ છે. આ જાહેરાતમાં MSME એટલે શું? કે આ લિમિટ તમામ કરદાતાઓને લાગુ પડશે? - જગદીશભાઈ વ્યાસ, એડવોકેટ, ડીસા**

જવાબ: આ ૫ કરોડની લિમિટ MSME નોંધણી વગર તમામ કરદાતાઓ ને લાગુ પડશે.

**અમારા વેપારી ટ્રેક્ટરના ડીલર છે. સાથે તેઓ JCB રાખે છે. JCB ભાડે આપે તેના ઉપર જે રકમ મેળવે તેના ઉપર જી.એસ.ટી. ભરવાની જવાબદારી આવે? આવે તો કેટલા ટકા ના દરે આવે? - જગદીશભાઈ વ્યાસ, એડવોકેટ, ડીસા**

જવાબ: હા, તેઓની JCB ભાડે આપવાની પ્રવૃતિ પર જી.એસ.ટી. લાગુ થાય. આ સેવા ઉપર ૧૮% જી.એસ.ટી. લાગુ પડે તેવો અમારો મત છે.

**અમારા અસીલ જી.એસ.ટી. હેઠળ નોંધાયેલ વ્યક્તિ છે. અમારા અસિલે સરકારી નિગમ કે સંસ્થાને પ્યોર લેબર સર્વિસ સપ્લાય કરેલ છે. ૦૭.૧૭ થી ૧૩.૧૦.૨૦૧૭ દરમ્યાન આમારા અસીલ કે સરકારી નિગમ કે સંસ્થા ની જી.એસ.ટી. અંગે કોઈ જવાબદારી નોટિફિકેશન ૧૨/૨૦૧૭ જોતાં ના આવે ને? - નીલમ પરમાર, અમદાવાદ**

જવાબ: હા, સરકારી ઓથોરીટીને સેવા આપવામાં આવેલ હોય તો આ સેવા જી.એસ.ટી. નોટિફિકેશન ૧૨/૨૦૧૭ (રેઇટ) તા. ૨૮.૦૬.૨૦૧૭ની એન્ટ્રી ૩ હેઠળ NIL રેટેડ થાય. આ સેવા NIL રેટેડ હોય, જી.એસ.ટી. કાયદાની કલમ ૯(૩) હેઠળ RCM હેઠળ પણ સેવા લેનારની જવાબદારીના આવે.

**અમારા એક અન્ય અસીલ જે જી.એસ.ટી. કાયદા હેઠળ બિન નોંધાયેલ છે. તેઓ ઉપર દર્શાવેલ પ્યોર લેબર સર્વિસ સરકારી સંસ્થાને જ આપેલ છે. શું બિન નોંધાયેલ હોવાથી સરકારી સંસ્થાને RCM હેઠળ ટેક્સ ભરવાની જવાબદારી આવે? - નીલમ પરમાર, અમદાવાદ**

જવાબ: ના, તમારા અસીલ બિન નોંધાયેલ હોય તો પણ સેવા નોટિફિકેશન ૧૨/૨૦૧૭ની એન્ટ્રી ૩ હેઠળ NIL રેટેડ હોય, જી.એસ.ટી. કાયદા ના કલમ ૯(૪) હેઠળ જી.એસ.ટી. ભરવાની જવાબદારી આવે નહીં.

**અમારા અસીલ જી.એસ.ટી. કાયદા હેઠળ બિન નોંધાયેલ છે. તેઓની સેવાની રકમ વાર્ષિક ધોરણે ૨૦ લાખથી વધુ થાય છે. તેઓની સેવા એ પ્યોર લેબર સપ્લાય હોવાથી નોટિફિકેશન ૧૨/૨૦૧૭ મુજબ NIL રેટેડ છે. શું તેઓની નોંધણી દાખલો મેલેવવા ની જવાબદારી આવે? - નીલમ પરમાર, અમદાવાદ**

જવાબ: ના, તમારા અસીલ માત્ર NIL રેટેડ સેવા પૂરી પડતાં હોય, જી.એસ.ટી. કાયદા હેઠળ કલમ ૨૩ હેઠળ જી.એસ.ટી. હેઠળ નોંધણી મેળવવાની જવાબદારી ના આવે.

**અમારા અસીલ નો મુખ્ય ધંધો ઈલેક્ટ્રીક કોન્ટ્રાક્ટ નો છે. અમુક સંજોગો માં તેઓ માત્ર ઈલેક્ટ્રીક માલ વેચે છે. જ્યારે ક્યારેક માલ તથા મજૂરી સાથે કામ કરવાની શરત હોય છે. તો આ સાથે વાળા બિલ માં લેબર ચાર્જ સાથે જી.એસ.ટી. ગણવાનો રહે કે માત્ર માલ સામાન ઉપર? - ભરત બી. મોરિ, કોડીનાર**

જવાબ: હા, માલ અને સેવા બંને સાથે આપવામાં આવે ત્યારે માલ તથા મજૂરી બન્ને ઉપર જી.એસ.ટી. ગણવાનો રહે. જી.એસ.ટી. ક્યાં દરે લાગે, કેવી રીતે લાગે તે બાબત ઘણા બધા પરિબળો ઉપર આધાર રાખે છે. જેવા કે આ કંપોઝીટ સપ્લાય ગણાય કે નહીં, વર્કસ કોન્ટ્રાક્ટ ગણાય કે નહીં.

**અમારા અસીલ LLP છે. તેઓનું મુખ્ય કામ કન્ટેનર નું રિપેર્સ તથા મેઈનટેનન્સ નું કામ કરે છે. આ કામ માટે જે માલ તથા સેવા ની ખરીદી કરે તેની ક્રેડિટ લે છે. આ ઉપરાંત તેઓ આ કન્ટેનર એક જગ્યાએ થી બીજી જગ્યાએ મૂકવા ની સેવા પણ પૂરી પડે છે. આ સેવા પૂરી પાડવામાં જે ટ્રક ની ખરીદી કરે છે તેની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ લે છે. મારા પ્રશ્નો નીચે મુજબ છે.**
**૧. શું ટ્રાન્સપોર્ટેશનના બિલ ઉપર જી.એસ.ટી. લગાડવો પડે?**
**૨. જો લગાડવો પડે તો ક્યાં દરે લગાડવો પડે?**
**૩. આ ટ્રાન્સપોર્ટેશનની સેવા બાબતે ટ્રક્ની ખરીદી ઉપર ITC મળે?**
**૪. શું આ સેવા ટ્રાન્સપોર્ટેશનની હોય GTAના ગણાય? RCM લાગુ ના પડે? - સમીર શાહ, ગાંધીધામ**

જવાબ: ૧. જો કન્ટેનર રીપેર કરવા સાથે કોન્ટ્રાક્ટ મુજબ કન્ટેનર ની ડિલિવરી કરવાની થતી હોય તો આ કંપોઝીટ સપ્લાય ગણાય. કન્ટેનર રિપેર્સ ના રેઈટ થીજ કુલ રકમ ઉપર જી.એસ.ટી. લાગે.
૨. જો ટ્રાન્સપોર્ટ અલગ સપ્લાય હોય અને કંસાઇનમેંટ નોટ બનાવવામાં ના આવતી હોય તો જી.એસ.ટી. હેઠળ નોટિફિકેશન ૧૨/૨૦૧૭ સેન્ટરલ ટેક્સની (રેઈટ) એન્ટ્રી ૧૮ દ્વારા NIL રેટેડ સપ્લાય ગણાશે કારણકે આ GTAના ગણાય.
૩. જેટલા પ્રમાણમા ટ્રાન્સપોર્ટેશન ટેક્સેબલ થતું હોય તેટલા પ્રમાણમા ટ્રક ખરીદી ની ક્રેડિટ મળે. આ બાબતે જી.એસ.ટી. નિયમો નો નિયમ ૪૩ જોઈ લેવો જરૂરી છે.
૪. આ સેવા GTA ગણાય નહીં કારણકે આ ટ્રાન્સપોર્ટ એજન્સીનો બિઝનેસ નથી. આ પોતાના ટ્રક દ્વારા માલ ની હેરફેર છે. માટે નોટિફિકેશન ૧૨/૨૦૧૭ સેન્ટરલ ટેક્સ (રેઈટ) ની એન્ટ્રી ૧૮ મુજબ ''સપ્લાય બાય રોડ અધર ધેન'' GTA ગણાય તેવું અમારું માનવું છે. માટે RCM લાગે નહીં.

**અમારા અસીલ જંતુનાશક દવા તથા બિયારણનું રીટેઈલનો વેપાર કરે છે. જેમાં જંતુનાશક દવામાં જી.એસ.ટી. લાગે એમને બિયારણ જે ટેક્સ ફ્રી છે તો તેમનું વેચાણ ઇંવોઇસ નંબર કેવી રીતે મેઇનટેન કરવા જોઈએ? તેઓ ટેક્સ ઈંવોઈસ તથા બિલ ઓફ સપ્લાય બંને બનાવે છે. આ બંને ના સિરિયલ નંબર અલગ હોવા જોઈએ કે એકજ સિરિયલ નંબર માં હોવા જોઈએ. બંને વેચાણ ક્યારેક એક બિલ થી થતાં હોય તો ટેક્સ ઈંવોઈસ આપવું જોઈએ કે બિલ ઓફ સપ્લાય? પિયુષ લીંબાણિ**

જવાબ: તમારા અસીલ કરપાત્ર માલ તથા કરમુક્ત માલ બંને માટે અલગ બિલ બુક રાખી શકે છે. કરપાત્ર માલ સાથે ટેક્સ ઇંવોઇસ ની બિલ બુક રાખવાની રહે. કરમુક્ત માલ માટે બિલ ઓફ સપ્લાય રાખવાની રહે. આ બને માં સરખી નંબર સીરિઝ હોય શકે. પરંતુ, સરળતા માટે પ્રિફિક્સ માં કરપત્રમાં T= ટેક્સેબલ તથા કરમુક્તમાં E=Exempted રાખી શકાય. આ ઉપરાંત જ્યારે કરપાત્ર માલ તથા કરમુક્ત માલ બંનેનું વેચાણ એકજ બિલ માં થતું હોય તો નીચેના ત્રણે વિકલ્પ આપના અસીલ લઈ શકે:
૧. કરપાત્ર માલ માટે ટેક્સ ઇંવોઇસ તથા કરમુક્ત માલ માટે બિલ ઓફ સપ્લાય અલગ અલગ બનાવે.
૨. જો ખરીદનાર જી.એસ.ટી. હેઠળ નોંધાયેલ હોય તો કરપાત્ર તથા કરમુક્ત માલનું વેચાણ ટેક્સ ઇંવોઇસ વડે કરી શકે.
૩. જો ખરીદનાર જી.એસ.ટી. હેઠળ નોંધાયેલ ના હોય તો કરપાત્ર તથા કરમુક્ત માલ નું વેચાણ નિયમ ૪૬અ મુજબ ઇંવોઇસ કમ બિલ ઓફ સપ્લાય દ્વારા કરી શકે.

**અમારા અસીલ ૦૧.૦૭.૨૦૧૭ થી નોંધણી દાખલો ધરાવતા હતા. તેઓ રોડ તથા બાંધકામ ના સરકારી વર્ક કોન્ટ્રાક્ટના કામો કરે છે. આ કોન્ટ્રાક્ટ માટેની ઇનવર્ડ સપ્લાય ની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ માંગેલ છે. આ કામો ઉપર ૧૨% ના દરે જી.એસ.ટી. લગાડેલ છે? શું આ રેઈટ ઓફ ટેક્સ સાચો કહેવાય? - નીલમ પરમાર, અમદાવાદ**

જવાબ: હા, સરકારી વર્ક કોન્ટ્રાક્ટ ઉપર જી.એસ.ટી.ના સામાન્ય દર ૧૨% ગણાય. આ બાબતે નિયમો તથા શરતો માટે ૧૧/૨૦૧૭ સેન્ટરલ ટેક્સ (રેઈટ) ખાસ જોવો જરૂરી છે.

**અમારા અસીલ સરકારી કોન્ટ્રાકટર છે. તેઓ અમુક કામ એવા કરે છે જેમાં ૨૫%થી વધૂ માલ નથી. આ કિસ્સામાં ૧૨/૨૦૧૭ નોટિફિકેશનની એન્ટ્રી 3Aની લાભ લઈ શકાય? રાજસ્થાનનું AAR ૨૦૧૮-૧૯/૩૭નો લાભ મળે? શું AAR અન્યનું હોય અમને તેનો લાભ મળે? નીલમ પરમાર, અમદાવાદ**

જવાબ: હા, ૨૫% સુધીનું માલ ઉપયોગ કરવામાં આવતા વર્કસ કોન્ટ્રાક્ટ જો એ પ્રકારના સરકારી કોન્ટ્રાક્ટ માટે સપ્લાય કરવામાં આવેલ હોય જે ભારતીય બંધારણ ના અનુછેદ ૨૪૩G તથા ૨૪૩W હેઠળ પંચાયત કે મ્યુનિસીપાલિટી ને કરવા પાત્ર હોય તે સેન્ટરલ ટેક્સ (રેઈટ) ૧૨/૨૦૧૭ની એન્ટ્રી 3A મુજબ કરમુક્ત બને.
AARએ સરકારને તથા જે કરદાતાએ AAR માટે અરજી કરેલ હોય તેને લાગુ પડે. AAR નો ફાયદો લેવો હોય તો જે તે AAR ઉપરથી તમારા અસીલ પણ AAR માટે અરજી કરી શકે છે.

**અમારા એક અસીલ બિન નોંધાયેલ વ્યક્તિ હતા. ૦૧.૦૭.૨૦૧૭ થી ૧૩.૧૦.૨૦૧૭ સુધીમાં તેમણે જે સરકારી કોન્ટ્રાક્ટ કર્યા આ કોન્ટ્રાક્ટ ઉપર URD તરીકે ટેક્સ ભરવાની જવાબદારી સરકાર કે તેની એજન્સી ની આવે? - નીલમ પરમાર, અમદાવાદ**

જવાબ: હા, સરકાર કે તેની એજન્સી જો ૦૧.૦૭.૨૦૧૭ થી ૧૩.૧૦.૨૦૧૭ સુધી કોઈ ઇનવર્ડ સપ્લાય બિન નોંધાયેલ વ્યક્તિ પાસેથી કરેલ હોય તો કલમ ૯(૪) હેઠળ RCMની જવાબદારી આવે.

**અમારી કંપની પબ્લિક લિમિટેડ કંપની છે. અમો ઓઇલ, ગ્રીસ ના ઉત્પાદક છીએ. મારો પ્રશ્ન નીચે મુજબ છે. અમારો ઓક્ટોબર ૨૦૧૯ થી દમણ ખાતે નો પ્લાન્ટ બંધ કરેલ છે. અમોએ તમામ પ્રકાર ની જી.એસ.ટી. જવાબદારી પુર્ણ કરેલ છે. અમારા ક્રેડિટ લેજર માં હજુ ક્રેડિટ રહેલ છે. શું આ ક્રેડિટ માટે અમે રિફંડ ક્લેમ કરી શકીએ? - બિપિંચંદ્ર મહિયાવંશી, દમણ**

જવાબ: જો પ્લાન્ટ બંધ કરેલ હોય અને જી.એસ.ટી. નંબર રદ કરવામાં આવ્યો હોય તો સૌપ્રથમ જી.એસ.ટી. કાયદા ની કલમ ૨૯(૫) મુજબ પહેલા સ્ટોક તથા કેપિટલ ગુડ્સ ની જવાબદારી પૂર્ણ કરવાની રહે. આ જવાબદારી પૂરી કર્યા બાદ ક્રેડિટ લેજર માં કોઈ ક્રેડિટ રહે તો અમારી નીચે મુજબ સલાહ છે:
૧. જો ઇનવરટેડ રેઈટ ના કારણે ક્રેડિટ રહેતી હોય તો રિફંડ મળી શકે.
૨. જો અત્યાર સુધી બિઝનેસ માં જે વેચાણ થયું છે તે નુકસાની માં વેચવામાં આવ્યું હોય તો આ કિસ્સામાં પણ રિફંડ ના મળે.
૩. જો વેચાણ પર નો જી.એસ.ટી. કેશ લેજર દ્વારા ભરવામાં આવ્યો હોય અને ક્રેડિટ પડી રહી હોય તો પણ રિફંડ મળી ના શકે.

**હાઈ સી સેલ્સ ઉપર IGST લાગુ પડે? બિપિંચંદ્ર મહિયાવંશી, દમણ**

જવાબ: હાઈ સી સેલ્સ એ જી.એસ.ટી. કાયદા ના શિડ્યુલ ૩ની એન્ટ્રી ૭માં સામેલ હોય, આ હાઈ સી સેલ્સને આ કાયદા હેઠળ સપ્લાય ગણાતું નથી.

**૮. એડવાન્સ લાઈસન્સ, EPCG, (Capital Goods) Facout Market Focus Product Script ઉપર IGSTની જવાબદારી આવે? - બિપિંચંદ્ર મહિયાવંશી, દમણ**

જવાબ: EPCG લાઈસન્સ, (Capital Goods) Facout Market Focus Product Script વી. ડ્યૂટી સ્ક્રીપ્ટ ગણાય અને આ સેન્ટરલ જી.એસ.ટી. નોટિફિકેશન ૩૫/૨૦૧૭ (રેઈટ) દ્વારા કરમુક્ત કરવામાં આવ્યા છે.

**ડીમ્ડ એક્સપોર્ટ એટ્લે શું? ડીમ્ડ એક્સપોર્ટ ઉપર જી.એસ.ટી. નો દર શું રહે? ડીમ્ડ એક્સપોર્ટ કરવા માટે વપરાશ કરેલ ઈન્પુટ માલ તથા સેવા ની ક્રેડિટ મળે? - બિપિંચંદ્ર મહિયાવંશી, દમણ**

જવાબ: જી.એસ.ટી. કાયદા ની કલામ ૧૪૭ હેઠળ સરકાર ને એવી સત્તા આપવામાં આવેલ છે કે કોઈ વ્યવહાર જેમાં માલ ભારત બહાર મોકલવામાં ના આવતો હોય છતાં તેને સરકાર માની લેવામાં આવેલ એક્સપોર્ટ જાહેર કરી શકે છે. આ અંગે સરકારે નોટિફિકેશન ૪૮/૨૦૧૭, સેન્ટરલ ટેક્સ, તા. ૧૮.૧૦.૨૦૧૭, બહાર પાડ્યો છે તે જોઈ જવા વિનંતી. આ નોટિફિકેશન મુજબ નીચેની સપ્લાય ડીમ્ડ એક્સપોર્ટ ગણાય. ડીમ્ડ એક્સપોર્ટ માટે ની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ નું રિફંડ મળી શકે.
1. Supply of goods by a registered person against Advance Authorisation
2. Supply of capital goods by a registered person against Export Promotion Capital Goods Authorisation
3. Supply of goods by a registered person to Export Oriented Unit
04. Supply of gold by a bank or Public Sector Undertaking specified in the notification No. 50/2017-Customs, dated the 30th June, 2017 (as amended) against Advance Authorisation
Above supplies are notified as deemed exports.

## ઈન્કમ ટેક્સ

**ઈન્કમ ટેક્સ કાયદા ની કલમ ૪૪AE માં ગ્રોસ વેઈટ માં લેડન વેઈટ ગણવું જોઈએ કે અનલેડન વેઈટ ગણવું જોઈએ? - સહદેવ આહીર**

જવાબ: 'અનલેડન વેઈટ' એટ્લે વાહન જ્યારે ખાલી હોય તે સમય નું વજન. 'લેડન વેઈટ' એટ્લે વાહન જ્યારે ભરેલ હોય તે વજન. ઈન્કમ ટેક્સ કાયદાની કલમ ૪૪AE હેઠળ જે તે વાહનનું 'લેડન વેઈટ' ગણવાનું રહે છે.

**અમારા અસીલ રિટેઈલ ટ્રેડિંગનો ધંધો કરે છે. નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯નું રિટર્ન ફાઇલ કરવાનું બાકી છે. તેઓનું ટર્નઓવર ૫૫ લાખનું છે. આ ધંધા નો નફો ૨૪૫૦૦૦નો છે, જે ૮%થી ઓછો છે. ઓડિટ કરાવવા ની ટાઈમ લિમિટ જતી રહી છે. આ કિસ્સામાં અમારે શું કરવું જોઈએ તે અંગે માર્ગદર્શન આપવા વિનંતી. - સંદીપ પટેલ,**

જવાબ: અમારા મતે આવા કિસ્સામાં તમારા અસીલ ને આવકવેરા કાયદાની કલમ ૪૪AD(v)નો લાભ મળે. આ ક્લોઝ મુજબ જો કરદાતાની કુલ આવક ટેકસેબલ લિમિટ થી ઓછી હોય તો ૮% થી ઓછો નફો હોવા છતાં ઓડિટ કરાવવું જરુરી નથી રહેતું. આ સમયે કરદાતાની અન્ય આવક સાથે પણ ટેકસેબલ લિમિટથી ઓછી થતી હોય તે જરુરી છે.
આ બાબતે અન્ય ખ્યાલ રાખવા જેવી બાબત એ છે કે જો તમે અગાઉ ના વર્ષમાં ૪૪AD હેઠળ રિટર્ન ભર્યું હશે, અને તમે આ વર્ષે ૮% થી ઓછો નફો દર્શાવી રિટર્ન ભરશો તો પછીના ૫ વર્ષ માટે ૪૪ADનો લાભ તમારા અસીલ લઈ શકશે નહીં. આવા કિસ્સામાં ૪૪AD હેઠળ ૮% આવક સ્વાઈકારી ને રિટર્ન ભરવા નો વિકલ્પ પણ વિચારવો જોઈએ. ચોપડા ઉપર નો નફો ભલે ૨૪૫૦૦૦/- છે. પરંતુ ટેક્સ ની જવાબદારી ૮% નફો દર્શાવી રિટર્ન રજૂ કરવું જોઈએ.

**અમારા અસીલ જી.એસ.ટી. હેઠળ નોંધાયેલ વ્યક્તિ છે. તેઓની ક્રેડિટ પ્રોવીઝનલ ક્રેડિટ માં જતી રહી છે. આ કારણે શું GSTR 3B માં તેનો ઉપયોગ થવા દેતું નહીં હોય? આનું નિવારણ કેવી રીતે કરી શકાય? - વિરેશ ખરાડી, ટેક્સ કન્સલ્ટન્ટ, વલ્લભ વિદ્યા નગર**

જવાબ: પ્રોવિઝનલ ક્રેડિટનો મૂળ હેતુ GST કાયદા હેઠળની મૂળભૂત રિટર્ન પદ્ધતિ GSTR 1, GSTR 2 તથા GSTR 3 સાથે હતો. એ રિટર્ન પદ્ધતિ શરુ ના થઈ માટે પ્રોવિઝનલ ક્રેડિટ નો ઉપયોગ હાલ થવોના જોઈએ. હા, હાલ માં બ્લોક ક્રેડિટ નો ઉપયોગ અધિકારીઓએ દ્વારા કરવામાં આવી રહ્યો છે. જ્યારે બોગસ બિલિંગ વાળા કોઈ કરદાતા ઉપર કાર્યવાહી થાય ત્યારે તેમની પાસેથી ખરીદી કરેલ તમામ વ્યક્તિઓ ની ખરીદી ની ક્રેડિટ સામાન્ય રીતે બ્લોક કરી દેવામાં આવે છે. અમારા મતે આ પ્રોવિઝનલ ક્રેડિટનું કારણ એ હોય શકે છે કે તમારા તાબા ના અધિકારી કોઈ 3Bની ચકાસણી કરી, તમે ક્લેઇમ કરેલ ક્રેડિટ માંથી જેટલી ક્રેડિટ GSTR 2માં ના દર્શાવતી હોય તેટલી ક્રેડિટ તેઓએ પોતાની સતા ની રુએ પ્રોવિઝનલ ક્રેડિટ માં ટ્રાન્સફર કરેલ હોય. આ બાબતે GST પોર્ટલ ઉપર ગ્રીવન્સ તથા અધિકારીને પત્ર જરુર લખવો જોઈએ.

**અમે CNG/PNG ગેસ કીટ તથા પાર્ટસ ગ્રાહકને નું વેચાણ તથા ફીટીંગ કરી આપીએ છીએ. આ કામ માં ૨૮% તથા ૧૮% એમ બંને આઈટમ આવે છે. તો આ ફીટીંગ ની પ્રવૃતિ ઉપર કયાં દરે વેરો લાગે? - મુનાફ શેખ**

જવાબ: અમારા મતે CNG/PNG ગેસ કીટ તથા પાર્ટસ ગ્રાહક ને વેચાણ તથા ફીટીંગ કરવાની સપ્લાય જી.એસ.ટી. કાયદા ની કલમ ૨(૩૦) હેઠળ કંપોઝીટ સર્વિસ ગણાય. ગ્રાહક આ બાબતે ગેસ સપ્લાય એ પ્રિન્સિપાલ સપ્લાય ગણાય અને ગેસ કીટ ઉપર લાગા દરે વેરો ભરવાનો થાય. ઘણા કરદાતાઓ માં ગેસ કીટનું વેચાણ અલગ પેઢીમાંથી તથા ફીટીંગ અલગ પેઢીમાંથી કરવામાં આવતું હોય છે. જો આવું હોય તો ગેસ કીટ ઉપર અલગ તેના દરે તથા ફીટીંગ ઉપર સર્વિસ ના દરે વેરો ભરવા પાત્ર થાય.

**અમારા અસીલ ઈલેક્ટ્રિકલ કોન્ટ્રાકટર છે. તેઓને પોતાના સામાન અલગ અલગ સાઈટ ઉપર લઈ જવા માટે ટ્રેક્ટર, મેક્સ પિકઅપ વાન, ટ્રક જેવા કોમર્શિયલ વાહનોની જરુર પડે છે. શું આ ટ્રેક્ટર, મેક્સ પિકઅપ વાન, ટ્રક જેવા કોમર્શિયલ વહાનોની ખરીદીની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ લઈ શકાય?**

જવાબ: હા, ટેક્ટર, મેક્સ પિક અપ વાન, ટ્રક જેવા કમર્શિયલ વાહન કે જેનો ઉપયોગ માલ ની હેરફેર માટે થાય તેની ક્રેડિટ મળી શકે. આવા વાહનો જી.એસ.ટી. કાયદા ની કલમ ૧૭(૫) ના આપવાદો માં પડે.

**શું ૦૧.૦૪.૨૦૨૦ પછી પરતું ૩૦.૦૬.૨૦૨૦ સુધી કરવામાં આવેલ ઈન્કમ ટેક્સ ની કલામ ૮૦Cહેઠળ ના રોકાણ ૨૦૧૯-૧૯ માંજ બાદ મળશે કે કરદાતા ઈચ્છે તો ૨૦૨૦-૨૧ માં પણ બાદ લઈ શકશે? - પિયુષ લિંબાણી**

જવાબ: ૦૧.૦૪.૨૦૨૦ થી ૩૦.૦૬.૨૦૨૦ સુધીના રોકાણ બાબતે કરદાતાને રોકાણ નો લાભ ક્યાં વર્ષમાં લેવો તેની પસંદગી મળે તેવો અમારો મત છે. આ અંગે હાલ આધિકારિક નોટિફિકેશન આવેલ નથી. આ નોટિફિકેશન આવે ત્યાર બાદ આ અંગે સંપૂર્ણ ચિત્ર સ્પષ્ટ થશે.

**અમારા અસીલ ઈલેક્ટ્રીક કોન્ટ્રાકટર છે. તેમનું ૨૦૧૮-૧૯ નું ટર્નઓવર ૧.૧૫ કરોડ હતું. તેઓએ તેમનું રિટર્ન ૪૪AD હેઠળ ભર્યું હતું. જ્યારે નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ માં આ ટર્નઓવર ૨ કરોડ થઈ ગયું છે. આ કારણે ટેક્સ ઓડિટ કરાવવાનું છે. ઓડિટ નું પ્રથમ વર્ષ હોય ૨૦૧૯-૨૦ માં TDS કાપેલ ના હોય તો કોઈ પ્રશ્ન આવે ખરો? - સંદીપ પટેલ, એકાઉન્ટન્ટ**

જવાબ: તમારા અસીલ જોવ્યક્તિગ્ત કરદાતા હોય તો ૧૯૪A, ૧૯૪H, ૧૯૪I, ૧૯૪J હેઠળ કોઈ ચુકવણી કરે તો તેઓ TDS કરવા ૨૦૧૯-૨૦ માં પણ જવાબદાર બને. આ કલમો હેઠળ ૧ કરોડ ઉપર નું ટર્નઓવર પાછલા વર્ષમાં હોય તો પણ TDS કરવા જવાબદારી આવે. ૧૯૪C હેઠળ ચુકવણી કરવામાં ૨૦૧૯ ૨૦ માટે TDSની જવાબદારી ના આવે. નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧માં તમામ હેડ નીચે TDSની જવાબદારી આવે.

### -: ખાસ નોંધ :-

૧. જી.એસ.ટી. અંગેના દર વિષે અભિપ્રાય આપવો ખૂબ મુશ્કેલ ગણાઈ. કારણકે જી.એસ.ટી. હેઠળ માલ તથા સેવા નો દર ઘણા પરિબળો પર નિર્ભર કરતો હોય છે. વેરા ના દર અંગે ના અભિપ્રાય માત્ર સામાન્ય સંજોગો મુજબ આપવામાં આવેલ છે. આ અંગે આપ એડ્વાન્સ રૂલિંગ દ્વારા ચોક્કસ દર જાણી શકો છો.

૨. અમારા એક્સપર્ટ ટેક્સ ટુડે ને આ સેવા વાચકો ના લાભાર્થે આપે છે. તમામ વાચકો ને વિનંતી કે પોતાના પ્રશ્નો ટેક્સ ટુડે ને નીચે આપેલ ઇ મેઈલ પર મોકલે. કોઈ પણ સંજોગો માં વાચકો ને વિનંતી કે એક્સપર્ટસનો સીધો સંપર્ક બિનવ્યવસાયી રીતે ના કરવો.

આ કોલમ અંતર્ગત આપના પ્રશ્નો પૂછવા આપ અમને taxtodayuna@gmail.com પર ઇ મેઈલ કરી શકો છો. સોમવારથી શુક્રવાર સુધી આવેલા પ્રશ્નો ના જવાબ શક્ય હોય ત્યાં સુધી પછીના સોમવારે પ્રસિદ્ધ કરવામાં આવશે.

**ડિસ્ક્લેમર:** આ કોલમ ટેક્સ ટુડે ના એક્સપર્ટ દ્વારા શક્ય તમામ કાળજી રાખી કાયદાના પોતાના અભિપ્રાય ઉપર આપવામાં આવેલ છે. છતાં આ અભિપ્રાય તેઓના અંગત અભિપ્રાય છે. કોઈ કેસમાં તેનો ઉપયોગ કરવો કે ના કરવો તે વાચકોના અંગત મંતવ્યો ઉપર આધારિત છે.

# નેશનલ એશોશીએશન ઓફ ટેક્સ પ્રોફેશનલ્સ જેવા સંગઠનો નાનામાં નાના વેપારીઓને ધંધો વૈશ્વિક ધોરણે લઈ જવા મદદ કરે: સુરેશ પ્રભુ

## COVID-19ની આ વિષમ પરિસ્થિતિઓમાં વેપારીઓની લેઈટ ફી દૂર કરો: નેશનલ એશો. ઓફ ટેક્સ પ્રોફેસનલ્સ



તા. ૧૭.૦૫.૨૦૨૦: નેશનલ એશોશીએશન ઓફ ટેક્સ પ્રોફેશનલ્સ દ્વારા આયોજિત વેબિનરમાં તા. ૧૬ મે ૨૦૨૦ ના રોજ ભારત ના જી-૨૦ તથા G7ના શેરપા અને પૂર્વ કેન્દ્રિય મંત્રી સુરેશ પ્રભુ મુખ્ય વક્તા તરીકે જોડાયા હતા. આ વેબીનારમાં શ્રી સુરેશ પ્રભુ દ્વારા COVID-19ની પરિસ્થિતિ બાદ ટેક્સેશનની સ્થિતિ તથા આત્મ નિર્ભર ભારત બનાવવામાં ટેક્સ વ્યવસાયીઓનો ભાગ વિષે માહિતી આપવામાં આવી હતી. તેઓ જણાવ્યુ હતું કે, ભારત સરકાર આ મુશ્કેલ પરિસ્થિતિને એક તક તરીકે નિહાળી રહી છે. તેઓએ વધુમાં જણાવ્યુ હતું કે, પ્રબુદ્ધ નાગરિક તરીકે કરવેરા સલાહકારો જાણે છે કે, લોકડાઉન કરવા સિવાય કોઈ વિકલ્પ સરકાર પાસે નહતો. તે લોકડાઉનના કારણે આપણે વ્યક્તિગત ધોરણે તથા સરકારએ આર્થિક નુકસાન ચોક્કસ ભોગવવું પડ્યું છે. હું અંગત રીતે માનું છું કે વૈશ્વિક ધોરણે ભારત માટે એક સારી બાબત એ છે કે આપણાં દેશને અન્ય દેશ સામે હવે પ્રિફર્ડ ડેસ્ટિનેશન ગણાશે તે બાબત ચોક્કસ છે. ભારત ની નવી પેઢી પાપા કહેતે હે બડા નામ કરેગા ની ઉક્તિ ને ચરિતાર્થ કરવા અલગ વિચારવાનું સામર્થ્ય ધરાવે છે. ભારત સરકારની આત્મા નિર્ભર ભારત યોજના એ વિશ્વથી અલગ થવાની યોજના નથી પણ વૈશ્વિક ધોરણે ભારત ના ઉદ્યોગ સહાસિકો ને વધુ મહત્વ પૂર્ણ સ્થાન પ્રદાન કરવા આગળ લાવવા ની યોજના છે. G20 દેશો વિશ્વના GDPનો ૮૬% ફાળો આપે છે. તેમણે કહ્યું કે અમે G20ના દેશોને ભારતમાં રોકાણ કરવા આમંત્રણ આપ્યું છે. ભારત એ વિશાળ તકો નો દેશ છે. સુરેશ પ્રભુએ નેશનલ એશોશીએશન ઓફ ટેક્સ પ્રેકટિશનર્સ તથા તમામ પ્રોફેશનલ્સને હાકલ કરી હતી કે ભારતીય ઉદ્યોગ સાહસિકો ને પોતાની સંપૂર્ણ મદદ કરે. ભારતનો નાનામાં નાનો વેપારી વૈશ્વિક ધોરણે ધંધો કરી શકે તેમ છે. હાલ, વ્યાજ ના દરો ખૂબ ઓછા છે, વિપુલ પ્રમાણમા રોકડ તરલતા સરકારી રાહતો ના કારણે આવશે આનો લાભ તમામ ને મળશે તે બાબત ચોક્કસ છે. હળવી ભાષામાં તેઓ જણાવ્યુ હતું કે ભારત ની કુંડળીમાં હાલ તમામ ગ્રહો આપણી સાથે છે અને તેથી ભારત નરેન્દ્ર મોદીના સફળ નેતૃત્વ અને આપ સૌના સહયોગોમાં પ્રગતિ કરશે તે બાબત ચોક્કસ છે.

નેશનલ એશોશીએશન ઓફ ટેક્સ પ્રોફેશનલ્સ (NATP) દ્વારા જી.એસ.ટી. પોર્ટલ સુધારવામાં આવે, COVID-19ના કારણે વેપારીઓએ ભોગવવી પડતી લેઈટ ફી માફ કરવામાં આવે, જી.એસ.ટી. રિટર્ન રીવાઈઝ કરવાની સગવડ આપવામાં આવે, ટેક્સ એડવોકેટ્સ તથા ટેક્સ પ્રેકટિશનર્સને ઓડિટ અંગે સત્તા આપવામાં આવે જેવી અનેક મહત્વની રજૂઆત કરવામાં આવી હતી. રાષ્ટ્રીય સ્તરના આ એશોશીએશનને ભારતની ટેક્સ અંગેની તમામ સમિતિઓમાં સ્થાન મળે તેવી માંગણી પણ તેમની પાસે કરવામાં આવી હતી. સુરેશ પ્રભુજીએ જણાવ્યુ હતું કે તેઓ આગામી દિવસોમાં સંસ્થાને સમિતિઓમાં સ્થાન મળે તે પ્રયત્ન કરશે. તેઓએ આ રજૂઆતને યોગ્ય સત્તાધિકારી સુધી પહોચડશે તેવી ખાત્રી પણ આપી હતી.

આ વેબિનરમાં ધી ગુજરાત સેલ્સ ટેક્સ બાર એશો., પંજાબ ટેક્સ બાર એશો., મધ્ય પ્રદેશ ટેક્સ લો બાર એશો., ઉત્તર પ્રદેશ ટેક્સ બાર એશો., ટેક્સ એડવોકેટ એશો. ઓફ ગુજરાત, કોમર્શિયલ ટેક્સ પ્રેકટિશનર્સ એશો. ઈન્દોર સહ આયોજક તરીકે જોડાયા હતા. વેબિનરમાં અંદાજે ૧૦૦૦ લોકોએ ભાગ લીધો હતો. આ વેબિનારમાં ડિપ્લોમેટ તરીકે એડવોકેટ વારીશ ઈસાનીએ સેવા આપી હતી. એડવોકેટ નવીન ગુપ્તા, હરિયાણા એ NATPના પબ્લિક રિલેશન ઓફિસર તરીકે ઉત્કૃષ્ટ કામગીરી બજાવી હતી. અંતમાં NATPના સ્થાપક એડવોકેટ અક્ષત વ્યાસ દ્વારા આભાર વિધિ કરવામાં આવી હતી. **(ભવ્ય ડી. પોપટ, એડિટર-ટેક્સ ટુડે)**

# COVID 19ના કારણે ઈન્કમટેક્સ કાયદામાં રેસીડેન્શીયલ સ્ટેટ્સની ગણતરીમાં મહત્વની રાહત

## NRI કરદાતાઓ માટે આવ્યા સારા સમાચાર



તા. ૦૯-૦૫-૨૦૨૦: ઈન્કમટેક્સ કાયદા હેઠળ વ્યક્તિનું રેસીડંશીયલ સ્ટેટ્સ ખૂબ મહત્વનો ભાગ ભજવે છે. આ કાયદા હેઠળ વ્યક્તિનું વર્ગીકરણ રહીશ (રેસિડંટ), રહીશ અને અસામાન્ય રહીશ (રેસીડંટ બટ નોટ ઓર્ડિનરી રેસીડંટ) તથા બિન રહીશ (નોન રેસીડંટ) એમ ત્રણ વિભાગમાં થતું હોય છે. આ રેસીડંશીયલ સ્ટેટ્સ મુજબ તેના ઉપર ટેક્સનું ભારણ આવતું હોય છે. રેસીડંશીયલ સ્ટેટ્સની ગણતરી કરવા વ્યક્તિ ભારતમાં કેટલા દિવસ રહી છે તે ધ્યાને લેવાનું થતું હોય છે. સામાન્ય રીતે NRI, ભારતીય મૂળની વ્યક્તિ, વિદેશ અવાર નવાર જનાર વ્યક્તિ પોતે માર્ચ માહિનામાં ભારતમાં પોતાના રહેવાના દિવસો અંગે પ્લાનિંગ કરતાં હોય છે.

COVID-19ના કારણે આવા વ્યક્તિઓ પોતે ટેક્સ પ્લાનિંગના ભાગ રૂપે લોકડાઉનના પગેલે ભારત બહાર જઈ શક્ય નથી. આવા કરદાતાઓને પડતી મુશ્કેલીઓ બાબતે અનેક રજૂઆતો સરકારને મળી હતી. આ રજૂઆતો ઉપર સકારાત્મક નિર્ણય લઈ ઈન્કમટેક્સનું નિયમન કરતી સર્વોચ્ચ સંસ્થા CBDT (સેન્ટરલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સ) દ્વારા આ પ્રકારના કરદાતાઓ માટે નીચે મુજબની મહત્વની છૂટ આપવામાં આવેલ છે.

૧. જે કરદાતાઓ ૨૨ માર્ચથી ૩૧ માર્ચ સુધી ભારત બહાર જવા COVID-19ના લોકડાઉનના કારણે અસમર્થ હતા તેવા કરદાતાઓ માટે રેસીડંશીયલ સ્ટેટ્સની ગણતરી કરવા ૨૨ માર્ચ થી ૩૧ માર્ચના દિવસો ગણતરીમાં લેવાના રહેશે નહીં.
૨. જે કરદાતાઓ COVID-19ના કારણે ભારતમાં ૧ માર્ચ ૨૦૨૦ કે ત્યારબાદ થી ક્વારંટાઇન હતા અથવા તો તેઓ કોઈ કારણસર ભારત બહાર જવા અસમર્થ હતા, અને જેઓને સ્થળાંતર માટે ખાસ વિમાન વડે ૩૧ માર્ચ પહેલા ભારત બહાર લઈ જવાની વ્યવસ્થા કરવામાં આવેલ છે તેવા કરદાતાઓ માટે તેના ક્વારંટાઇન થયાના દિવસથી તેઓને ખાસ વિમાન વડે મોકલવામાં આવ્યા તે દિવસ અથવા ૩૧ માર્ચ ૨૦૨૦, તે દિવસો રેસીડંશીયલ સ્ટેટ્સની ગણતરીમાં લેવાના રહેશે નહીં.
૩. જે કરદાતા સ્થળાંતર માટે ખાસ વિમાન દ્વારા, ૩૧ માર્ચ ૨૦૨૦ સુધીમાં ભારત બહાર મોકલવામાં આવ્યા છે, તેઓ માટે ૨૨ માર્ચ ૨૦૨૦ થી તેમના ભારત છોડવાની તારીખ સુધીના દિવસો રેસીડંશીયલ સ્ટેટ્સની ગણતરી માટે ધ્યાને લેવાના રહેશે નહીં.

આ મહત્વ ની જાહેરાત દ્વારા અનેક કરદાતાઓને લાભ થશે. COVID-19 માં જ્યારે નાગરિકો તો વ્યક્તિગત રીતે આર્થિક ક્ષેત્રે ઘણું નુકસાન ભોગવી રહ્યા છે પણ સરકાર પણ કરવેરામાં ખૂબ મોટું નુકસાન ભોગવી રહી છે. આ સમયે સરકાર કરવેરા કરતાં નાગરિકોની રાહતો ને મહત્વ આપી આ પ્રકારે ઝડપી નિર્ણયો લઈ રહી છે તે બાબતે ચોક્કસ વખાણ કરવા ઘટે. **(ભવ્ય પોપટ, એડિટર ટેક્સ ટુડે.)**

# જી.એસ.ટી. હેઠળ ક્યાં ખાસ કિસ્સાઓમાં મળે છે ક્રેડિટ અને ક્યારે કરવી પડે ક્રેડિટ રિવર્સ....

## આવો બનાવીએ ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ ને ગુડ એન્ડ સિમ્પલ ટેક્સ...

"Every person is presumed to know laws of the land". આનો અર્થ એ છે કે દરેક વ્યક્તિને જે દેશમાં પોતે છે તે દેશ ના કાયદા વિષે જ્ઞાન છે તેવું માની લેવામાં આવે છે. મિત્રો, ૧ જુલાઇ ૨૦૧૭ થી ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ કાયદો અમલી બન્યો. ત્યારથી લઈ ને આજ સુધી આ કાયદા હેઠળ વિપુલ પ્રમાણમા જાહેરનામાઓ આવ્યા. ઘણા સર્ક્યુલર આવ્યા. કાયદા તથા નિયમોમાં પણ ફેરફાર કરવામાં આવ્યા. અવાર નવાર વાચકોના પ્રશ્ન હતા કે આ કાયદામાં જે કોઈ ફેરફાર આવે છે તે અંગ્રેજીમાંજ આવે છે. અંગ્રેજી ના જાણતા વ્યક્તિ માટે આ કાયદો જાણવો તેનું અર્થઘટન કરવં ખૂબ મુશ્કેલ છે. સરકારે જ્યારે આ કાયદો લાગુ કર્યો ત્યારે જાહેરાત કરેલી કે આ કાયદો તથા તેના નિયમો જે તે રાજ્યો ની સ્થાનિક ભાષામાં પણ બહાર પાડશે. પણ કોઈક કારણોસર આ કામ હજુ થઈ શક્યું નથી.

ટેક્સ ટુડે આ કૉલમ દ્વારા પ્રયાસ કરી રહ્યું છે કે જી.એસ.ટી. કાયદા ની મહત્વ ની જોગવાઈઓ ને વાંચકો સુધી ગુજરાતીમાં સરળ ભાષામાં પહોચડવામાં આવે. આ કાયદા ની વિવિધ નિયમોની જાણકારી સરળ ભાષામાં નિરંતર આપવા પ્રયાસ કરવામાં આવશે. આજે આ શ્રુંખલા નો પ્રથમ લેખ આપની સમક્ષ રજૂ કરી રહ્યો છું.

**વિષય: ખાસ કિસ્સાઓમાં ઈન્પુટ ટેક્સ ક્રેડિટ કેવી રીતે મળે? ક્યાં ખાસ સંજોગોમાં કરવી પડે ક્રેડિટ રિવર્સ**

(આ અંગે જી.એસ.ટી. કાયદાની સેક્શન ૧૮ તથા નિયમ ૪૦, ૪૧, ૪૪ લાગુ પડે)

સમાન્ય રીતે જી.એસ.ટી. હેઠળ નોંધણી થયા બાદ ખરીદેલ વસ્તુ તથા સેવાઓ ની ખરીદી માટે ઈન્પુટ ટેક્સ ક્રેડિટ મળે. આ અંગેના મહત્વ ના નિયમો જાણવા જરૂરી છે. મોટાભાગે ટેક્સ પ્રેક્ટિસ કરતાં CA, એડવોકેટ્સ કે ટેક્સ પ્રેકટિશનર્સ તો આ નિયમો જાણતાજ હોય છે પરતું આ નિયમો અંગે વેપારી તથા એકાઉન્ટન્ટ એ જાણવું ખૂબ જરૂરી છે. આજે આ લેખમાં ખાસ પ્રકારના સંજોગોમાં ખરીદનાર કરદાતાને ક્રેડિટ મેળે કે કેમ, અને મળે તો કેવી રીતે તે અંગે સમજ આપવા પ્રયાસ કર્યો છે.

સેક્શન: ૧૮: ખાસ કિસ્સાઓમાં મળતી ક્રેડિટ અને ક્યાં કિસ્સાઓમાં કરવી પડે છે ક્રેડિટ રિવર્સ:

આ સેક્શન નીચેના સંજોગોમાં લાગુ પડે:

૧. કોઈ વેપારી પોતાનું ટર્નઓવર નિયત મર્યાદાથી (હાલ વસ્તુ માટે ૪૦ લાખ અને સેવા માટે ૨૦ લાખ) વધે અને તે નોંધણી માટે અરજી કરે તેવા સંજોગોમાં. આવા વેપારીને આપણે ફરજિયાત નોંધણી કરાવતા વેપારી ગણી શકીએ.
૨. કોઈ વેપારી મરજિયાત રીતે (ટર્નઓવર થતું ના હોય તો પણ) જી.એસ.ટી. નોંધણી લેવા અરજી કરે તેવા સંજોગોમાં
૩. કોઈ વેપારી કંપોઝીશન માં હોય અને કંપોઝીશન ની કોઈ શરત ભંગ થવા ના કારણે અથવા પોતે મરજિયાત રીતે કંપોઝીશન ની બહાર નીકળવા અરજી કરે તેવ સંજોગોમાં
૪. જ્યારે કોઈ વસ્તુ કે સેવા કરમુક્ત હતી અને તે સેવા પછીથી કરપાત્ર કરવામાં આવે તેવા સંજોગોમાં
૫. જ્યારે ચાલુ ધંધાને મૃત્યુ ના કારણે કે અન્ય કોઈ કારણે અન્ય વ્યક્તિને તબદીલ કરવામાં આવે તેવા સંજોગોમાં
૬. જ્યારે કોઈ વેપારી પોતે કંપોઝીશન માં જવા અરજી કરે તેવા સંજોગોમાં

ઉપરના ૧ થી ૪ ના સંજોગોનો સમાવેશ આ ખાસ પ્રકારના કિસ્સા ગણાશે અને તેમાં અમુક નિયમો ને આધીન ક્રેડિટ મળી શકશે. આવી રીતે ૫ તથા ૬ નંબર ના સંજોગોમાં ક્રેડિટ ટ્રાન્સફર તથા રિવર્સ કરવી જરૂરી છે. આવો જોઈએ શું છે આ નિયમો.

**૧. કોઈ વેપારી પોતાનું ટર્નઓવર નિયત મર્યાદાથી (હાલ વસ્તુ માટે ૪૦ લાખ અને સેવા માટે ૨૦ લાખ) વધે અને તે નોંધણી માટે અરજી કરે તેવા સંજોગોમાં નીચેના નિયમોની પુર્તતા કરવાની રહેશે. સેક્શન ૧૮ (૧)(a) તથા રૂલ ૪૦**

- ટર્નઓવર મર્યાદાથી વધ્યા ના ૩૦ દિવસમાં વેપારીએ નોંધણી નંબર મેળવવા અરજી કરી દીધેલ હોવી જોઈએ અને આ અરજી ઉપરથી તેને નોંધણી આપવામાં આવેલ હોવી જોઈએ.
- આવા વેપારી પાસે જે ટેક્સ ઇંવોઇસ છે તેની તારીખ ૧ વર્ષ થી જૂની હોવી જોઈએ નહીં. આમ, પોતે નોંધણી માટે જવાબદાર બન્યા તેના ૧ વર્ષ પહેલાની ખરીદી સુધીની જ ક્રેડિટ મળી શકે.
- આવા વેપારીની જવાબદારી ની તારીખ થી ૩૦ દિવસમાં આ અંગે ITC 01માં ઓનલાઈન અરજી કરી આ ક્રેડિટ મેળવી શકશે.
- આ ITC 01 ફોર્મ માં સ્ટોક અંગે ટેક્સ ઇંવોઇસની સંપૂર્ણ વિગતો દેવાની રહે છે.
- જો આ ફોર્મ દ્વારા માંગવામાં આવતી ક્રેડિટ ૨ લાખથી વધુ હોય તો આ અરજી સાથે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટનું સર્ટિફિકેટ પણ દેવાનું રહે છે.

**લેખક નોંધ:** આ ૩૦ દિવસ બાદ જો ઈન્પુટ ટેક્સ ક્રેડિટ ની અરજી પોર્ટલ ઉપર થઈ શક્તિ નથી. આમ, ખૂબ સામાન્ય ભૂલ માટે વેપારી ને ક્રેડિટ નું મોટું નુકસાન ભોગવવું પડે છે. ફરજિયાત નંબર મેળવવા ના કિસ્સામાં જવાબદારી ઉત્પન્ન થાય તેના શક્ય તેટલી જલ્દી અરજી કરી દેવી હિતાવહ છે. જેથી ITC 01 ભરવા પૂરતો સમય મળી રહે.

**૨. કોઈ વેપારી મરજિયાત રીતે (ટર્નઓવર થતું ના હોય તો પણ) જી.એસ.ટી. નોંધણી લેવા અરજી કરે તેવા સંજોગોમાં નીચેના નિયમોની પુર્તતા કરવી જરૂરી છે. સેક્શન ૧૮ (૧)(b) તથા રૂલ ૪૦**

- આવા વેપારી પાસે જે ટેક્સ ઇંવોઇસ છે તેની તારીખ ૧ વર્ષ થી જૂની હોવી જોઈએ નહીં. આમ, પોતે નોંધણી માટે અરજી કરે છે તેનાથી ૧ વર્ષ પહેલાની ખરીદીની ક્રેડિટ મેળવવા તેઓ હક્કદાર બનશે.
- આવા વેપારીની જવાબદારીની તારીખથી ૩૦ દિવસમાં આ અંગે ITC 01માં ઓનલાઈન અરજી કરી આ ક્રેડિટ મેળવી શકશે.
- આ ITC 01 ફોર્મમાં સ્ટોક અંગે ટેક્સ ઇંવોઇસની સંપૂર્ણ વિગતો દેવાની રહે છે.
- જો આ ફોર્મ દ્વારા માંગવામાં આવતી ક્રેડિટ ૨ લાખ થી વધુ હોય તો આ અરજી સાથે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટનું સર્ટિફિકેટ પણ દેવાનું રહે છે.

**લેખક નોંધ:** આ ૩૦ દિવસ બાદ જો ઈન્પુટ ટેક્સ ક્રેડિટની અરજી પોર્ટલ ઉપર થઈ શક્તિ નથી. આમ, ખૂબ સામાન્ય ભૂલ માટે વેપારી ને ક્રેડિટ નું મોટું નુકસાન ભોગવવું પડે છે.

**૩. કોઈ વેપારી કંપોઝીશન માં હોય અને કંપોઝીશન ની કોઈ શરત ભંગ થવા ના કારણે અથવા પોતે મરજિયાત રીતે કંપોઝીશન ની બહાર નીકળવા અરજી કરે તેવા સંજોગોમાં સેક્શન ૧૮ (૧)(c) તથા રૂલ ૪૦**

- આવા વેપારી પાસે જે ટેક્સ ઇંવોઇસ છે તેની તારીખ ૧ વર્ષ થી જૂની હોવી જોઈએ નહીં. આમ, પોતે નોંધણી માટે અરજી કરે છે તેનાથી ૧ વર્ષ પહેલાની ખરીદી ની ક્રેડિટ મેળવવા તેઓ હક્કદાર બનશે.
- આવા વેપારીની જવાબદારી ની તારીખ થી ૩૦ દિવસમાં આ અંગે ITC 01માં ઓનલાઈન અરજી કરી આ ક્રેડિટ મેળવી શકશે.
- આ ITC 01 ફોર્મ માં સ્ટોક અંગે ટેક્સ ઇંવોઇસ ની સંપૂર્ણ વિગતો દેવાની રહે છે.
- જો આ ફોર્મ દ્વારા માંગવામાં આવતી ક્રેડિટ ૨ લાખ થી વધુ હોય તો આ અરજી સાથે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ નું સર્ટિફિકેટ પણ દેવાનું રહે છે.

**લેખક નોંધ:** આ ૩૦ દિવસ બાદ જો ઈન્પુટ ટેક્સ ક્રેડિટ ની અરજી પોર્ટલ ઉપર થઈ શક્તિ નથી. આમ, ખૂબ સામાન્ય ભૂલ માટે વેપારી ને ક્રેડિટ નું મોટું નુકસાન ભોગવવું પડે છે.

**૪. જ્યારે કોઈ વસ્તુ કે સેવા કરમુક્ત હતી અને તે સેવા પછીથી કરપાત્ર કરવામાં આવે તેવા સંજોગોમાં સેક્શન ૧૮ (૧)(d) તથા રૂલ ૪૦**

- આવા વેપારી પાસે જે ટેક્સ ઇંવોઇસ છે તેની તારીખ ૧ વર્ષ થી જૂની હોવી જોઈએ નહીં. આમ, પોતે નોંધણી માટે અરજી કરે છે તેનાથી ૧ વર્ષ પહેલાની ખરીદી ની ક્રેડિટ મેળવવા તેઓ હક્કદાર બનશે.
- આવા વેપારીની જવાબદારીની તારીખથી ૩૦ દિવસમાં આ અંગે ITC 01 માં ઓનલાઈન અરજી કરી આ ક્રેડિટ મેળવી શકશે.
- આ ITC 01 ફોર્મમાં સ્ટોક અંગે ટેક્સ ઇંવોઇસની સંપૂર્ણ વિગતો દેવાની રહે છે.
- જો આ ફોર્મ દ્વારા માંગવામાં આવતી ક્રેડિટ ૨ લાખથી વધુ હોય તો આ અરજી સાથે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટનું સર્ટિફિકેટ પણ દેવાનું રહે છે.

**લેખક નોંધ:** આ ૩૦ દિવસ બાદ જો ઈન્પુટ ટેક્સ ક્રેડિટ ની અરજી પોર્ટલ ઉપર થઈ શક્તિ નથી. આમ, ખૂબ સામાન્ય ભૂલ માટે વેપારીને ક્રેડિટનું મોટું નુકસાન ભોગવવું પડે છે.

**કેપિટલ ગુડ્સ અંગે ખાસ જોગવાઈ:**

ઉપર જણાવેલ (૩) C (૪) માટે ખાસ કિસ્સાઓમાં જો કેપિટલ ગુડ્સ (મૂડી મિલકત જેવી કે પ્લાન્ટ, મશીનરી વગેરે) ની ક્રેડિટ લેવાની થતી હોય તો આ ક્રેડિટ ખરીદી તારીખથી દર ત્રિમાસ માટે કુલ ક્રેડિટ માંથી ૫% પોઈન્ટ જેટલી ઘટાડી ને લેવાની રહે છે. ઉપર જણાવેલ (૧) અને (૨) ના કિસ્સાઓમાં કેપિટલ ગુડ્સ ની ક્રેડિટ મળી શકે નહીં.

**૫. જ્યારે ચાલુ ધંધાને મૃત્યુ ના કારણે કે અન્ય કોઈ કારણે અન્ય વ્યક્તિને તમામ જવાબદારીઓ સાથે તબદીલ કરવામાં આવે તેવા સંજોગોમાં સેક્શન ૧૮ (૩) તથા રૂલ ૪૧**

- જ્યારે ધંધો અન્ય વ્યક્તિને સંપૂર્ણ જવાબદારી સાથે તબદીલ કરવામાં આવે ત્યારેજ આ ક્રેડિટ તબદીલ થનાર વ્યક્તિ ને તબદીલ કરી શકાશે.
- આ કિસ્સામાં જે વેપારી આ ક્રેડિટ તબદીલ કરે છે તે ITC 02 ફોર્મ ઓનલાઈન ભરશે.
- જે વેપારીને ક્રેડિટ તબદીલ કરવામાં આવેલ છે તે વેપારી આ ક્રેડિટનો ઓનલાઈન સ્વીકાર કરશે. (યુઝર સર્વિસમાં આ પ્રકારનો ઓપ્શન આપેલ છે)
- આ પ્રકારે નવો નોંધણી દાખલો લેતા વેપારીએ પોતાને ક્યાં નોંધણી દાખલા માંથી ક્રેડિટ તબદીલ થવાની છે તેની નોંધણીની વિગતો પોતાના નોંધણી ફોર્મ માં ભરવી જરૂરી છે.
- જે વેપારીને આ ક્રેડિટ તબદીલ થયેલ છે તેને આ ક્રેડિટ અંગે પોતાના ચોપડમાં યોગ્ય નોંધ કરવાની રહેશે.

**૬. જ્યારે કોઈ વેપારી પોતે રેગ્યુલર વેપારી (કંપોઝીશન સિવાયનો વેપારી) હોય, કંપોઝીશન માં જવા અરજી કરે તેવા સંજોગોમાં સેક્શન ૧૮ (૪) તથા રૂલ ૪૪**

- આવા વેપારીએ પોતાની ખરીદીઓ માટે ઈન્પુટ ટેક્સ ક્રેડિટ ભોગવી હોય તેને રિવર્સ કરવાની રહે.
- આવા વેપારીએ પોતે લીધેલ ક્રેડિટનું રિવર્સલ પોતાની પાસે રહેલ સ્ટોકના ઇંવોઇસ ઉપરથી કરવાની રહેશે.
- જે સ્ટોક માટે બિલો ઉપલબ્ધ ના હોય તેના માટે તેની માર્કેટ કિમત ગણી તેના ઉપર ક્રેડિટ રિવર્સ કરવાની રહે. આ માર્કેટ રેઈટ ઉપર રિવર્સ કરેલ ક્રેડિટ માટે CA સર્ટિફિકેટ લેવાનું રહે.
- કેપિટલ ગુડ્સ ના કિસ્સામાં પ્રો રેટા ક્રેડિટ રિવર્સ કરવાની રહેશે. આ માટે કેપિટલ ગુડ્સ નુ આયુષ્ય ૫ વર્ષ નું ગણવાનું રહેશે. દર ત્રિમાસ માટે ૫% ની ક્રેડિટ બાકીના સમય માટે રિવર્સ કરવાની રહેશે.
- આ રિવર્સલ અંગે આવા વેપારીએ નાણાકીય વર્ષ શરૂ થયાના ૧૮૦ દિવસમાં ITC 03 ફોર્મ ભરવાનું રહેશે.
- જો આ ફોર્મ ભરતા રિવર્સ કરવામાં આવતી ક્રેડિટ એ ક્રેડિટ લેજર માં જમા રકમ થી વધુ આવે તો વેપારીએ કેશ દ્વારા આ વધારાની રકમ ભરવાની થાય છે.

આ જોગવાઈ નો અભ્યાસ કરી જો ક્રેડિટ આપને મળવા પત્ર હોય તો સમયસર મેળવી લેવી જોઈએ અને જો ક્રેડિટ રિવર્સ કરવા પત્ર હોય તો તેને સમયસર રિવર્સ કરી આપવી જોઈએ. ક્રેડિટ ક્લેમ કરવામાં સમય જતો રહે તો ખૂબ મોટું નુકસાન વેપારી ને જતું હોય છે. ઘણી વાર એવું ધ્યાને આવતું હોય છે કે વેપારી કે એકાઉન્ટન્ટ ને આ નિયમ ની ખબર હોતી નથી. જ્યારે તે તેમના CA, એડવોકેટ કે ટેક્સ કન્સલ્ટન્ટ પાસે આ ક્રેડિટ લેવા માટે ચર્ચા કરવા પહોચે છે ત્યાં સુધીમાં આ ફોર્મ ભરવાનો સમય જતો રહ્યો હોય છે. આમ, નાની શરતચૂક વેપારી માટે ગંભીર પરિણામ લઈને આવતું હોય છે. આ પ્રકારના મહત્વના નિયમો સૌ વેપારી તથા એકાઉન્ટન્ટ જાણે તે માટે આવા લેખો લખવામાં આવે છે.

## 'આત્મનિર્ભર ભારત'... (અનુસંધાન પાના ૧થી શરૂ)

- સરકાર દ્વારા સામાજિક માળખાકીય સુવિધાઓ માટે ૮૧ કરોડ ની ફાળવણી કરવામાં આવશે. આ સામાજિક માળખાકીય સાગવાડોમાં હોસ્પિટલ, શાળા વી.નો સમાવેશ થશે. સામાન્ય રીતે વાયબીલીટી ગેપ ફંડિંગ કેન્દ્ર કે રાજ્ય સરકાર ૨૦% સબસિડી આપતી હતી. પરંતુ આ પ્રકારના પ્રોજેકટ માટે વાયબીલીટી ગેપ ફંડિંગ માટે ૩૦% જેટલી સબસિડી આપશે.
- અવકાશ વિજ્ઞાન ક્ષેત્રે પણ ખાનગી ક્ષેત્રે ની કંપનીઓને ISRO સાથે કામ કરવા આમંત્રિત કરવામાં આવશે. આ ખાનગી ક્ષેત્રની કંપનીઓ માટે ISROની સગવડોનો લાભ આપવામાં આવશે. ભવિષ્યમાં ગ્રહોની શોધ હોય કે અન્ય ગ્રહોની મુલાકાતમાં ISRO સાથે ખાનગી ક્ષેત્રેની કંપનીઓ કામ કરી શકશે. લિબરલ જીઓ ડેટા ખાનગી ક્ષેત્ર ને આપવામાં આવશે. આ બાબતે દેશ ની સિક્યોરિટીનું ખાસ ધ્યાન રાખવામા આવશે.
- કેન્સર જેવી ગંભીર બીમારીઓ માટે ગહન સંશોધન તથા 'મેડિકલ આઈસોટોપ્સ'ના ઉત્પાદન બાબતે PPP (પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશિપ) મોડલ ઉપર સંશોધન કેન્દ્રો બનાવવામાં આવશે. ખાદ્ય ક્ષેત્રે જાળવણી બાબતે PPP મોડલ ઉપર રોકાણ વધારવામાં આવશે. ભારતના ટેક્નોલોજિકલ ક્ષેત્ર ના સ્ટાર્ટ અપ ને વેગ આપવા સરકાર પ્રયત્નો કરશે.

**આર્થિક પેકેજ ભાગ ૫ ની મહત્વની જોગવાઈઓ:**

- 'મનરેગા સ્કીમ' હેઠળ ૪૦૦૦૦ કરોડની વધારાની જોગવાઈ કરવામાં આવેલ છે. શ્રમિકો જે પોતાના વતન જતાં રહ્યા છે તેઓને પોતાના વતનમાં નોંધણી કરવામાં આવે તો તેમણે ત્યાં પણ 'મનરેગા' યોજના હેઠળ કામ આપવામાં આવશે.
- સ્વાસ્થ્ય ઉપરનો સરકારી ખર્ચ વધારવામાં આવશે. સ્વાસ્થ્ય અને સુખાકારી ના સેન્ટરોની સ્થાપનાને સરકાર પ્રોત્સાહન આપવામાં આવશે. ચેપી રોગ નો અલગ વિભાગ દરેક બ્લોક હેલ્થ સેન્ટરમાં બનાવવામાં આવશે. દરેક બ્લોક હેલ્થ સેન્ટર ઉપર પબ્લિક હેલ્થ લેબની સ્થાપના કરવામાં આવશે. મેડિકલ ક્ષેત્રે રિસર્ચ માટે ICMR દ્વારા પ્રોત્સાહન આપવામાં આવશે. રાષ્ટ્રીય નેશનલ ડિજિટલ હેલ્થ મિશનની બ્લૂ પ્રિન્ટ તૈયાર કરવામાં આવશે.
- પ્રધાનમંત્રીએ 'ઇ વિધ્યા' યોજના સ્કૂલ ના ભણતર માટે શરૂ કરવામાં આવશે. ધોરણ ૧ થી ૧૨ના દરેક ક્લાસ માટે અલગ અલગ ચેનલ 'વન ક્લાસ વન ચેનલ' હેઠળ ટેલિવિઝન ચેનલો શરૂ કરવામાં આવશે. ભારતની ૧ થી ૧૦૦માં આવતી યુનિવર્સિટી કોઈ પણ જાતની વધારાની પરમીશન વગર ઓનલાઈન અભ્યાસક્રમો મે ૨૦૨૦થી જ શરૂ કરી શકશે. ઓનલાઈન સિલેબસ ઉપર મોટો ભાર મૂકવામાં આવશે. 'વન નેશન વન ડિજિટલ પ્લેટફોર્મ' બનાવવાં આવશે. નેશનલ ફૌડેશનલ લિટરેસી એન્ડ ન્યૂમરસી મિશન ડિસેમ્બર ૨૦૨૦ થી શરૂ કરવામાં આવશે.
- જે કંપનીઓ દીવાળિયા કાયદા (ઇનસોલવંસી એન્ડ બેંકરપ્સિ એક્ટ) હેઠળની લિમિટ MSME માટે ૧ લાખ થી વધારી ૧ કરોડ કરવામાં આવશે. COVID 19ની સ્થિતિમાં ૧ વર્ષ સુધી 'ઇનસોલવંસી'ની કોઈ નવી કાર્યવાહી શરૂ કરવામાં નહીં આવે.
- કંપની કાયદામાં રહેલ ટેકનિકલ તથા પ્રોસીજરલ ચૂક બદલ ફોજદારી કાર્યવાહી ની જોગવાઈ દૂર કરવામાં આવશે. આ કાયદા હેઠળ 'કમ્પાઉન્ડ' (સમાધાન ને પાત્ર) થઈ શકે તેવી ચૂક હવે 'ઇન્ટરનલ અજયુડિકેશન મીકેનીઝમ'માં લઈ લેવામાં આવ્યા છે. આમ કરવાથી કંપનીઓની મુશ્કેલી ઘટશે તથા NCLT (નેશનલ કંપની લો ટ્રિબ્યુનલ) તથા કોર્ટનું ભારણ ઘટશે.
- ખાનગી કંપની જે પોતાનાં 'નોન કન્વર્ટિબલ ડિબેન્ચર' સ્ટોક એક્સચેન્જ માં મૂકે તો તે કંપનીઓ લિસ્ટેડ કંપનીઓ નહીં ગણાય.
- પ્રતિબંધિત સિવાયના તમામ ક્ષેત્ર કે જ્યાં હાલ પબ્લિક સેક્ટર કાર્યરત છે તે તમામ ક્ષેત્રમાં ખાનગી એકમો પણ ધંધો કરી શકશે. સરકાર 'સ્ટ્રેટેજિક સેક્ટર'ને જાહેરનામા દ્વારા જાહેર કરશે. આ પ્રકારના 'નોટિફાઈડ સ્ટ્રેટેજીક સેક્ટર'માં ઓછામાં ઓછા એક પબ્લિક સેક્ટર રહેશે ત્યાં પણ ખાનગી કંપનીઓ ધંધો કરી શકશે. કોઈ પણ 'નોટિફાઈડ સ્ટ્રેટેજીક સેક્ટર'માં વધુમાં વધુ ૪ પબ્લિક સેક્ટર કાર્યરત રહી શકશે. આ અંગે ટૂંક સમયમાં વિગતવાર નિયમો બહાર પાડવામાં આવશે.
- રાજ્ય સરકાર પણ કેન્દ્રની જેમ આવકમાં ખૂબ ઘટ આવેલ છે. રાજ્ય સરકારને જે મદદ COVID 19માં આપેલ છે તે ઉપરાંત વધુ મદદ પણ આપવામાં આવશે. બજેટ મુજબ અત્યાર સુધી ૪૬ હજાર કરોડથી વધુ રકમ રાજ્ય સરકારોને આપેલ છે. આ ઉપરાંત ૧૨૩૯૦ કરોડ 'રેવન્યુ ડેફિસિટ ગ્રાન્ટ' પણ સમયસર આપી દેવામાં આવેલ છે. ૧૧૦૯૨ કરોડનું રાજ્ય આપતી સંચાલન ફંડ (SDRF) એપ્રિલના પહેલા જ અઠવાડિયામાં આપી દેવામાં આવ્યું છે. ૪૧૧૩ કરોડ જેટલું ફંડ સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા રાજ્ય સરકારોને આપવામાં આવ્યું છે. રાજ્યોને RBI દ્વારા ઓવર ડ્રાફ્ટની લિમિટ ૬૦% જેટલી વધારવામાં આવેલ છે. રાજ્ય સરકારોની 'ઓવર ડ્યુ લિમિટ'૧૪ દિવસથી વધારી ૨૧ દિવસ કરવામાં આવેલ છે. રાજ્ય સરકાર ૬.૪૧ લાખ કરોડની રકમની લોન (બોરોઇંગ લિમિટ) લઈ શકે છે. આ લિમિટ રાજ્યના GDPના ૩ % લેખે હોય છે. આ પ્રકારની અભૂતપૂર્વ સ્થિતિમાં રાજ્યના અનુરોધને ધ્યાને લઈ 'બોરોઇંગ લિમિટ' રાજ્યના GDPના ૩%થી વધારી ૫% કરી આપવામાં આવેલ છે. જો કે આ રાજ્યોની લોનની લિમિટની ૮૬% જેટલી લિમિટ વાપર્યા વગર ની પડેલ છે. રાજ્ય સરકારો ને આ વધારાની લિમિટનો લાભ લેવા અમુક શરતોનું પાલન કરવાનું રહેશે. ભારતીય સંઘીય પ્રકાર માટે રાજ્યોએ કેન્દ્ર સરકાર દ્વારા જાહેર કરેલ આર્થિક પેકેજને રાજ્ય સ્તરે લાગુ કરવાની રહેશે. આ પેકેજની જોગવાઈઓ રાજ્ય સરકાર દ્વારા પૂરી કરવામાં આવશે ત્યારે તેમણે આ વધારાના દરનો લાભ મળશે.

ઉપરોક્ત વિગતો જોતાં ભારત તથા ભારતીય ધંધાર્થીઓ વિશ્વ ફલક પર પોતાનું સ્થાન અગ્રેસર કરવા પ્રયાસ કરે તેવી નેમ સૌ નાગરિકો સેવી રહ્યા છે.

# બેનામી પ્રોપર્ટી કાયદો તમને પણ અસર કરી શકે છે!!! વાંચો અને બચો....

**મિલ્કત ખરીદી કરો છો તો રાખો આ બાબતોનું ધ્યાન**

**By દીપકભાઈ પોપટ, એડવોકેટ, કો-એડિટર ટેક્સ ટુડે**

તા. ૦૮.૦૫.૨૦૨૦: પ્રોહીબીશન ઓફ બેનામી પ્રોપર્ટી ટ્રાન્જેકશન એક્ટ, ૧૯૮૮ એ આમ તો ૧૯૮૮ માં પસાર થયેલ કાયદો છે. પરંતુ નોટબંધી ની જાહેરાત કરતાં પહેલા ૦૧ નવેમ્બર ૨૦૧૬ ના રોજ આ કાયદાને અભૂતપૂર્વ રીતે સુધારવાં માં આવ્યો છે. જાણો શું છે એવું જે સ્પર્શે છે દરેક વ્યક્તિને....

બેનામી પ્રોપર્ટી નો કાયદો લાવવા ની જરૂર એટલા માટે પડી કે દેશમાં એવા ઘણા વ્યવહારો થતાં હતા કે જેમાં મિલ્કત ખરીદવાની રકમ એક વ્યક્તિ આપતો હોય છે અને એ મિલ્કત અન્ય વ્યક્તિઓના નામે ખરીદવામાં આવતી હોય છે. આ થવા પાછળનું કારણ,

- કોઈ કાયદાની જોગવાઈઓ થી બચવાનું હોય શકે,
- ક્યારેક કોઈ લેણદાર ને ચુકવણી ટાળવાનું હોય શકે,
- ટેક્સ બચાવવાનું હોય શકે કે -
- ઘણી વાર કાયદાની અજ્ઞાનતા પણ હોય શકે. કારણ જે પણ હોય,

જો આ કાયદા હેઠળ બેનામી વ્યવહાર કરવામાં આવે તો તેના પરિણામો ખૂબ ભયંકર આવી શકે છે. કાયદા ની સમજ સરળ ભાષામાં આપવા માટે આ લેખ પ્રશ્ન જવાબ રૂપે રજૂ કરવામાં આવેલ છે.

પ્રોહીબીશન ઓફ બેનામી પ્રોપર્ટી ટ્રાન્જેકશન એક્ટ, ૧૯૮૮ વિશે અવાર નવાર પૂછતાં પ્રશ્નો: (FAQ)

**૧. બેનામી પ્રોપર્ટી એટ્લે શું?**

જવાબ: બેનામી પ્રોપર્ટી એટ્લે એ પ્રકારની પ્રોપર્ટી (મિલ્કત) કે જે મિલ્કત ઊભી કરવા રકમ કોઈ એક વ્યક્તિએ ચૂકવી હોય અને તે મિલ્કત અન્ય વ્યક્તિના નામે ધારણ કરેલ હોય. આ મિલ્કત નો ફાયદો, હાલમાં કે ભવિષ્યમાં એજ વ્યક્તિ કે તેના વારસો ને મળવાનો હોય, જે વ્યક્તિએ આ મિલ્કત માટે રકમ ચૂકવેલ છે.

**૨. આ કાયદા હેઠળ મિલ્કત એટ્લે શું?**

જવાબ: આ કાયદા હેઠળ મિલ્કત એટ્લે સ્થાવર, જંગમ, દ્રશ્યમાંન-અદ્રશ્ય, કોઈ ખાસ હક્ક વગેરે તમામ નો સમાવેશ થઈ જાય છે. ઉદાહરણ તરીકે, ખેતીની જમીન, પ્લોટ, ઘર, ફ્લેટ, મોટર કાર, સ્કૂટર, બેન્ક ખાતું, ટ્રેડમાર્ક, વગેરે તમામ પ્રકારની મિલકત નો સમાવેશ કરવામાં આવ્યો છે.

**૩. આ કાયદો ક્યારથી થયેલ વ્યવહારોને લાગુ પડશે?**

જવાબ: આ કાયદા હેઠળ ૧૯ મે ૧૯૮૮ થી થયેલ તમામ વ્યવહારો ને લાગુ પડશે. ૦૧.૧૧.૨૦૧૬ થી આ કાયદો સુધારવામાં આવ્યો છે. પરંતુ તે જૂના વ્યવહારો ઉપર પણ લાગુ પડશે.



**૪. 'બેનામીદાર' એટ્લે શું?**

જવાબ: 'બેનામીદાર' એટ્લે કોઈ પણ વ્યક્તિ કે અનામી વ્યક્તિ, કે જેમના નામે કોઈ બેનામી મિલ્કત ખરીદવામાં આવે છે. આ બેનામીદારમાં વ્યક્તિ, પેઢી, કંપની, ટ્રસ્ટ વી. તમામ નો સમાવેશ થાય છે.

**૫. 'બેનીફીસિયલ ઓનર' એટ્લે શું?**

જવાબ: 'બેનીફીસિયલ ઓનર' એટ્લે એવી વ્યક્તિ જેનાં ઉપયોગ કે ફાયદા માટે બેનામી મિલ્કત ખરીદવામાં આવેલ હોય. આ 'બેનિફીસિયલ ઓનર'માં વ્યક્તિ, પેઢી, કંપની, ટ્રસ્ટ વી. તમામ નો સમાવેશ થાય છે.

**૬. 'બેનામી ટ્રાન્જેકશન' એટ્લે શું?**

જવાબ: આ કાયદા હેથળ 'બેનામી ટ્રાન્જેક્શન'ના મુખ્યત્વે ૪ ભાગ પાડવામાં આવ્યા છે:

(A) એવા વ્યવહાર કે જ્યાં મિલ્કત એક વ્યક્તિ દ્વારા ધારણ કરવામાં આવેલ હોય અને તે મિલ્કત ધારણ કરવાની રકમ અન્ય વ્યક્તિ દ્વારા ચૂકવવામાં આવેલ હોય તથા તે મિલ્કત નો હાલમાં કે ભવિષ્યમાં લાભ, ફાયદો કે ઉપયોગ સીધી કે આડકતરી રીતે જે વ્યક્તિએ આ મિલ્કતની રકમ ચૂકવી હોય તેને મળતો હોય કે મળવાનો હોય.

**ઉદાહરણ તરીકે:**

એક સરકારી અમલદાર, પોતાના સાળા ના નામ ઉપર ઘર ખરીદે છે અને તેની ચુકવણી તે પોતે કરે છે. આ ઘર ભાડે આપી તેનું ભાડું પણ તે મેળવે છે. આ વ્યવહાર બેનામી વ્યવહાર કહેવાય.

(B) એવા વ્યવહાર કે જ્યાં મિલ્કત અનામી વ્યક્તિના નામે ખરીદવામાં આવેલ હોય.

ઉદાહરણ તરીકે કોઈ વ્યક્તિ 'રામ ભરોસા'ના નામે કોઈ એક વિસ્તારમાં કેબલ કનેક્શન આપવા ના હક મેળવે ત્યારે 'રામ ભરોસા' એ અનામી વ્યક્તિ હોય આવા વ્યવહાર બેનામી વ્યવહાર કહેવાય.

(C) એવા વ્યવહાર કે જ્યાં મિલ્કત જેમના નામે હોય તે વ્યક્તિને તેની ખબર ના હોય અથવા તે વ્યક્તિ આ મિલ્કત અંગે પોતાને કોઈ જાણ નથી તેમ જણાવે.

ઉદાહરણ તરીકે કોઈ વ્યક્તિના બેન્ક ખાતામાં ૧૦ લાખ રૂપિયા આવ્યા છે. પણ તે વ્યક્તિ તે બાબત જાણતો નથી કે આ રકમ કોને આપી છે તો આ વ્યવહાર બેનામી વ્યવહાર ગણાય.

(D) એવા વ્યવહાર કે જ્યાં પ્રોપર્ટી બાબતે રકમ ચૂકવનર વ્યક્તિ કોણ છે તે મળી શકતો ના હોય અથવા અનામી હોય.

ઉદાહરણ તરીકે જ્યારે કોઈ ખેતી ની જમીન ખરીદવા રકમ ચૂકવાયેલ હોય પણ આ રકમ કોણે ચૂકવી છે તે નક્કી થઈ ના શકતું હોય ત્યારે આ વ્યવહારને બેનામી વ્યવહાર કહેવાય.

**૭. ઉપર દર્શાવેલ થયેલ તમામ વ્યવહાર શું બેનામી વ્યવહાર ગણાય કે તેમાં કોઈ અપવાદો છે?**

જવાબ: હા, ઉપર જણાવેલ બેનામી વ્યવહાર માં અમુક આપવાદો રહેલા છે. ઉપર (A)માં જણાવેલ વ્યવહારો માં જે બેનામી વ્યવહાર પડતો હોય તેના માટે આપવાડો લાગુ પડે છે. જે નીચે મુજબ છે.

(i) જ્યારે કોઈ મિલ્કત એક HUFના કર્તા દ્વારા કે તેના મેમ્બરના નામે ખરીદવામાં આવે અને તેનો ઉપયોગ HUFના તમામ મેમ્બર્સ કર્તા હોય અને તે મિલ્કત ખરીદવાની રકમ HUFના જાહેર કરાયેલ સ્ત્રોતમાથી ચૂકવવામાં આવેલ હોય તો આ વ્યવહાર બેનામી વ્યવહાર નહીં ગણાય.

(ii) 'ફિડયુંસરી કેપેસિટી'માં ખરીદવામાં આવેલ મિલ્કત એ બેનામી વ્યવહાર ગણાશે નહીં. ભાગીદારી પેઢીની મિલ્કત જ્યારે ભાગીદારના નામે ખરીદવામાં આવે, કંપનીની મિલ્કત કોઈ ડાયરેક્ટરના નામે ખરીદવામાં આવે, ટ્રસ્ટની કોઈ મિલ્કત ટ્રસ્ટીના નામે ખરીદવામાં આવે તો આવા વ્યવહાર બેનામી વ્યવહાર ગણાશે નહીં.

(iii) જ્યારે કોઈ વ્યક્તિએ આ મિલ્કત પોતાના જીવન સાથીના નામે ખરીદેલ હોય અથવા તો બાળકના નામે ખરીદેલ હોય તથા તે મિલ્કત માટેની ચુકવણી તે વ્યક્તિના જાહેર કરાયેલ સ્ત્રોતમાંથી કરવામાં આવેલ હોય તો આ વ્યવહાર બેનામી વ્યવહાર ગણાય નહીં.

(iv) જ્યારે કોઈ વ્યક્તિએ કોઈ મિલ્કત પોતાના ભાઈ કે બહેન, તેના સીધી લીટીના વારસદાર અથવા સીધી લીટીના પૂર્વજ ના નામે કરેલ હોય અને તે મિલ્કતમાં તે વ્યક્તિનું નામ પણ સયુક્ત હોય અને આ ચુકવણી તે વ્યક્તિના જાહેર કરાયેલ સ્ત્રોતમાંથી કરેલ હોય તો આ વ્યવહાર બેનામી વ્યવહાર ગણાશે નહીં.

**૮. કોઈ પણ વ્યવહાર બેનામી વ્યવહાર જાહેર થાય તો તેના ઉપર શું પગલાં લેવામાં આવી શકે છે?**

જવાબ: જો કોઈ વ્યક્તિ કોઈ કાયદાકીય જવાબદારીથી છટકવા અથવા લેણદારોને ચુકવણીથી બચવા આ પ્રકારના બેનામી વ્યવહાર કરે અથવા કોઈ તેને આ વ્યવહારો કરવામાં મદદ કરે તે વ્યક્તિને ઓછામાં ઓછી એક વર્ષથી લઈને ૭ વર્ષ સુધીની સખ્ત કેદની સજા તથા મિલ્કતની બજાર કિમતના ૨૫% સુધીનો દંડ થાય.

**૯. શું કોઈ મિલ્કત 'બેનામી પ્રોપર્ટી' જાહેર થાય તો તે મિલ્કત જપ્ત કરી લેવામાં આવે?**

જવાબ: હા, જો કોઈ મિલ્કત 'બેનામી મિલ્કત' સાબિત થાય તો આ મિલ્કત સરકાર દ્વારા જપ્ત કરવામાં આવશે.

**૧૦. બેનામી પ્રોપર્ટી કાયદા હેઠળની કાર્યવાહી સરકારના ક્યાં વિભાગ દ્વારા કરવામાં આવે છે?**


જવાબ: આ કાયદા હેઠળ જમીની સ્તરની કામગીરી ઇન્કમ ટેક્સ વિભાગ દ્વારા કરવામાં આવશે.

'બેનામી પ્રોપર્ટી' હેઠળના નિયમો અંગે ખાસ તકેદારી રાખવી જરૂરી છે. જો આ નિયમો વિરુદ્ધ કોઈ મિલ્કત ખરીદવામાં આવે તો મિલ્કત જપ્ત થઈ શકે છે અને જો એમ સાબિત થાય કે આ 'બેનામી વ્યવહાર' કોઈ કાયદાકીય જવાબદારી થી બચવા, લેણદારની રકમ ચૂકવવાથી બચવા કરવામાં આવેલ હોય તો વ્યક્તિને જેલ પણ થઈ શકે છે.

આ અંગે કોઈ પ્રશ્ન હોય તો આપ આપ taxtodayuna@gmail.com અથવા ૯૯૨૪૧૨૧૭૦૦ ઉપર વોટ્સએપ દ્વારા મોકલી શકો છો.

(લેખક મિલ્કત નોંધણી ક્ષેત્રે પ્રેક્ટિસ કરતાં નામાંકિત વકીલ છે)

# જાણો શું છે MSME? જો હું MSME હોય તો મને શું ફાયદો થઇ શકે ??





By ચિંતન પોપટ, CA

**૧. Micro, Small and Medium Enterprises (M.S.M.E.)નો અર્થ શું છે?**

ભારત સરકારે માઇક્રો, સ્મોલ અને મીડિયમ એન્ટરપ્રાઇઝ ડેવલપમેન્ટ (એમ.એસ.એમ.ઇ.ડી) એક્ટ, ૨૦૦૬ લાગુ કર્યો છે, જેમાં સૂક્ષ્મ, નાના અને મધ્યમ ઉદ્યોગો/સર્વિસિસ છે, જેમને નીચે મુજબ મુખ્યત્વે ૨ ભાગમા વિભાજીત કરવામાં આવ્યા છે.

૧ ઉત્પાદક જે કોઈ પણ જાતના માલના ઉત્પાદન સાથે સંકળાયેલા છે.

૨. સર્વિસ એન્ટરપ્રાઇઝ,જે એન્ટરપ્રાઇઝ ઉત્પાદન સિવાયની કામગીરીમાં સંકળાયેલા છે.

ભારત સરકારની નવી જાહેરાત (COVID-19ના અનુલક્ષ પ્રમાણે), હવે ઉપર જણાવેલ વિભાજન નો ભેદભાવ મહદ અંશે દૂર કરવામાં આવ્યા છે.

**૨. M.S.M.E. પ્રમાણે કઈ કઈ મર્યાદા પ્રમાણે વિભાજન કરવામાં આવે છે ?**

ભારત સરકારે, Micro (શૂક્ષ્મ), Small (નાના) અને Medium (મધ્યમ) એમ ૩ ભાગમાં વિભાજિત કરેલા છે.

આ વિભાજન નીચે પ્રમાણે કરવામાં આવે છે :

| વિભાજન | Micro (શૂક્ષ્મ) | Small (નાના) | Medium (મધ્યમ) |
|---|---|---|---|
| મશીનરીમાં રોકાણ | ૧ કરોડ થી ઓછું | ૧ કરોડથી ૧૦ કરોડ | ૧૦ કરોડ થી ૨૦ કરોડ |
| ટર્નઓવર | ૫ કરોડ થી ઓછું | ૫ કરોડથી ૫૦ કરોડ | ૫૦ કરોડથી ૧૦૦ કરોડ |

ઉપર જણાવેલ કોષ્ટક મુજબ દરેક બંને શરતોનું પાલન કરવાનું રહે છે.

**૩. MSMEના રજિસ્ટ્રેશનથી કયા કયા લાભો મેળવી શકાય છે ?**

MSMEના રજિસ્ટ્રેશનથી નીચે દર્શાવેલા લાભો મળી શકે છે:

- બેંક માથી પ્રાઇમરી લેંડિંગ સેક્ટર અંતર્ગત ૫ કરોડ સુધીની ટર્મ લોનની વ્યવસ્થા,
- બેંક માથી ૧ કરોડ સુધીની વર્કિંગ કેપિટલ લોનની વ્યવસ્થા
- બેંક માથી ૧૦ લાખ સુધીની સિક્યોરિટી વગર લોનની વ્યવસ્થા
- કંપની ને ટ્રેડમાર્ક રજીસ્ટર માં ગવરમેન્ટ ફી ૫૦% સુધીની સબસિડી,
- ISO સર્ટિફિકેટ માટે ૭૫% અથવા ૭૫૦૦૦ સુધીની સબસિડી,
- ક્રેડિટ રેટિંગ રિપોર્ટ માટે ૭૫% અથવા ૪૦૦૦૦ સુધીની સબસિડી,
- બેંક માં કરંટ ખાતું ખોલાવવા માટે એક સરકારી આધાર(પ્રૂફ) તરીકે
- સર્વીસ અને મેન્યુફેકચર ઈન્ડસ્ટ્રીઝ માટેનુ લાઈસન્સ મેળવવાની સરળતા
- બેંક માંથી લીધેલ ઓવરડ્રાફ્ટ પર ૧% વ્યાજની મુક્તિ.
- ઈન્ડસ્ટ્રીઝ પ્રમોશન માટે વિવિધ સબસીડી નો લાભ
- એમએસએમઇ નોંધણી સરકારી ટેન્ડર મેળવવામાં મદદ કરે છે

**૪. કોવિડ-૧૯ પછી ભારત સરકારે એમએસએમઇ માટે વધારાના લાભો જાહેર કર્યા છે ?**

- વડા પ્રધાન નરેન્દ્ર મોદીજીએ જાહેર કરેલા રૂા. ૨૦ લાખ કરોડના પેકેજના ભાગ રૂપે નાણા પ્રધાન નિર્મલા સીતારામને સૌ પ્રથમ MSME માટે ૩ લાખ કરોડની કોલેટરલ મુક્ત લોનની જાહેરાત કરી છે નીચે મુજબ મળવા પાત્ર છે.
- જે એન્ટરપ્રાઇઝની ૨૫ કરોડ ની લોન બાકી હોઈ અને જે એન્ટરપ્રાઇઝનું ટર્નઓવર ૧૦૦ કરોડ સુધીનું હશે. તે લોકો ને કોઈ પણ વધારાની જામીનગીરી વગર લોન મળી શકશે. લોન ની મુદત ૪ વર્ષ સુધી ની રહેશે અને ૧૨ મહીના સુધી વ્યાજની રાહત મળશે. આ સ્કીમ નો લાભ ૩૧.૧૦.૨૦૨૦ સુધી લઈ શકાશે.
- NPA થયેલ લોન કે જેનો ધંધો કાર્યરત હોઈ, એવા એકમો માટે પણ આ લોન નો લાભ આપવામાં આવશે.
- ઈક્વિટિ ફંડિંગ અને ફંડોના ફંડ અંતર્ગત વધારનું ભંડોળ ઉપલબ્ધ થશે જેનાથી MSME એકમોને ફંડ ઈક્વિટિ ના સ્વરૂપે આપવામાં આવશે.

**૫. કોવિડ -૧૯ પછી ગુજરાત સરકારે ક્યાં લાભો જાહેર કર્યા છે ?**

- ગુજરાત સરકારે પણ રાજ્યના નાના વેપારીઓ,મધ્યમ વર્ગ, કારીગરો,ફેરિયાઓ,રિક્ષા ચાલકો, વ્યવશીઓ માટે પણ ૧ લાખ લોન માત્ર ૨% વાર્ષિક વ્યાજે લોન આપવામાં આવશે જેમાં રાજ્ય સરકાર ૬% વ્યાજનું ભારણ ચૂકવશે.
- ઉપર જણાવેલ લોન માટે, ૬ મહિના માટે વ્યાજ કે મુદ્દલ ચૂકવવામાં રાહત મળશે. આવા પ્રકારની લોન ૩૦ સરખા હપ્તામાં પરત કરવાની રહેશે.

આમ ઉપર જણાવેલ લાભ મેળવા અથવા વધારાની જાણકારી લેવાં સંપર્ક કરો CA ચિંતન પોપટ ૯૭૨૫૩૨૧૭૦૦ અથવા મેઈલ કરો ca.chintanpopatgmail.com

# ગુજરાત રાજ્ય પણ કેન્દ્રના પગલે!! આત્મ નિર્ભર ગુજરાત વ્યાજ સહાય સ્કીમની જાહેરાત



By Bhavya Popat, Editor Tax Today

તા. ૧૭.૦૫.૨૦૨૦: કેન્દ્ર સરકારમાં નાણાં મંત્રી નિર્મલા સિથારમણ દ્વારા વિશેષ આર્થિક પેકેજ ની જાહેરાતો છેલ્લા ૪ દિવસથી કરાઇ રહી છે. ગુજરાત સરકાર પણ કેન્દ્ર સરકારની સાથે આ જાહેરાતોમાં જોડાયું છે. આત્મનિર્ભર ગુજરાત વ્યાજ સહાય સ્કીમ હેઠળના દિશા નિર્દેશ ૧૬ મે ૨૦૨૦ ના રોજ જાહેર કરી દેવામાં આવ્યા છે. મુખ્યમંત્રી શ્રી વિજય રૂપાણીની અધ્યક્ષતામાં ગુજરાત અર્બન કો. ઑપ. બેન્ક ફેડરેશન બેન્ક લી.ના ચેરમેન તથા રાજ્યોના અન્ય અર્બન બેંકોના પ્રતિનિધિઓએ સાથે વિડીયો કોન્ફરન્સ દ્વારા મિટિંગ કરવામાં આવેલ હતી. આર્થિક પ્રવૃતિઓ ને વેગવંતી બનાવવા નાના વેપારીઓ, મધ્યમ વર્ગ ની વ્યક્તિઓ, શ્રમિક વર્ગ માટે નવી વ્યાજ સહાય યોજના બહાર પાડવામાં આવેલ છે. આ યોજના નો ઠરાવ ખૂબ સરળ ભાષામાં બહાર પાડવામાં આવ્યો છે. જે વાંચકો માટે આ લેખમાં મુકેલ છે. આ સહાય યોજનાની મુખ્ય બાબતો નીચે મુજબ છે.

- ગુજરાત રાજ્યની રાજ્ય, જિલ્લા તથા તમામ અર્બન કો. ઑ. બેન્કો તથા રાજ્યની નોંધાયેલી ક્રેડિટ કો. ઓપ. સોસાયટી દ્વારા આ લોન આપવામાં આવશે.
- આ યોજના હેઠળ નાના વેપારીઓને, મધ્યમ વર્ગના વ્યક્તિઓને, શ્રમિક વર્ગને તબક્કાવાર પ્રથમ ૨૫૦૦૦ રૂા. ત્યારબાદ ૫૦૦૦૦ રૂા. ત્યારબાદ ૭૫૦૦૦ રૂા. તથા છેલ્લા તબક્કામાં ૧૦૦૦૦૦ રૂા. સુધીની લોન આપવામાં આવશે.
- આ ધિરાણ ગુજરાતના રહીશને મળવા પાત્ર થશે.
- ક્યાં ધંધાઓ-વ્યવસાય ને આ યોજના અંતર્ગત લેવાના રહેશે તેનો નિર્ણય જે તે બેન્કો-ક્રેડિટ સોસાયટીઓ કરી શકશે. આ યોજના નો લાભ ૦૧.૦૧.૨૦૨૦ ના રોજ વ્યવસાયમાં કાર્યરત હોય તેવા લોકો ને આપવામાં આવશે.
- આ યોજના હેઠળ બેન્કો નો મહત્તમ વ્યાજદર વાર્ષિક ૮ ટકા નો રહેશે. આ પૈકી ૬% વ્યાજ રાજ્ય સરકાર ભોગવશે. જે તે લોન લેનાર વ્યક્તિએ માત્ર ૨% વાર્ષિક વ્યાજ ભોગવવાનું રહેશે. આ લોન માટે તારણ ની જરૂર ના હોય બેન્કો કોઈ પણ પ્રકારનો પ્રસેસિંગ ચાર્જ ઉઘરવી શકશે નહીં. નોમિનલ મેમ્બર બનવા માટેની ફી પણ આવા વ્યક્તિઓ પાસેથી લેવાની રહેશે નહીં.
- લોન ૩ વર્ષ માટે આપવાની રહેશે. પ્રથમ ૬ માસ સુધી હપ્તા ભરવામાં મુક્તિ આપવાની રહેશે.
- આ યોજના માટેની અરજી ૨૧.૦૫.૨૦૨૦ થી ૩૧.૦૮.૨૦૨૦ સુધી કરવાની રહેશે.
- આ લોનની અરજીઓ નો નિકાલ કો. ઓપ. બેન્ક/ક્રેડિટ સોસાયટીઓ એ ત્વરિત કરવાનો રહેશે. મોડમાં મોડો નિર્ણય ૩૧.૧૦.૨૦૨૦ સુધી કરી ૧૫.૧૧.૨૦૨૦ સુધીમાં લોન ની રકમ લોન માંગનાર ને આપી દેવાની રહેશે.
- આ લોન આપનાર કો. ઓપ. બેન્ક તથા ક્રેડિટ સોસાયટીઓ ને રાજ્ય સરકાર કુલ ધિરાણના ૨% ઇન્સેંટિવ આપશે.
- કેન્દ્ર-રાજ્ય સરકાર ના કર્મચારીઓ, અર્ધ સરકારી કર્મચારીઓ, સ્થાનિક સત્તા મંડળ ના કર્મચારીઓ, તેમજ સરકારી બોર્ડ કે નિગમમાં કામ કરતાં કર્મચારીઓ ને આ લાભ મળવા પાત્ર નથી.
- આ યોજનાની નોડલ એજન્સી તરીકે કો.ઓપ. બેન્કો માટે ગુજરાત રાજ્ય સહકારી બેન્ક રહેશે. જ્યારે કો. ક્રેડિટ સોસાયટીઓ માટે સંબંધિત જિલ્લા રજીસ્ટ્રાર નોડલ એજન્સીનું કામ કરશે.
- આ લોન આપતા સમયે KYC (નો યોર કસ્ટમર)નું યોગ્ય પાલન કરવાનું રહેશે.
- આ લોન માટે જમીંગીરી સ્વરૂપે બેન્કો-ક્રેડિટ સોસાયટીઓ એડવાન્સ ચેક લઈ શકશે તથા જમીનદારો પણ લઈ શકશે.

આ યોજનાનો લાભ ગુજરાતના નાના ધંધાર્થી મધ્યમ વર્ગીય લોકો લે અને પોતાનું જીવન COVID-19ની સ્થિતિ બાદ ફરી પાટા ઉપર લાવવા પ્રયાસ કરી શકશે.

# જી.એસ.ટી. કાયદામાં આવ્યા મહત્વના સુધારા, ૦૫ મે ના રોજ આવ્યા જાહેરનામાઃ તમામ કરદાતાઓ એ વાંચવા છે જરૂરી...

તા. ૦૬.૦૫.૨૦૨૦: COVID 19 ની પરિસ્થિતિમાં કરદાતાઓ ને રાહત આપવા સેન્ટરલ ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ નિયમોમાં મહત્વના ફેરફારો કરવામાં આવ્યા છે. જે નીચે મુજબ છે.

**નોટિફીકેશન ૩૮/૨૦૨૦, તા. ૦૫.૦૫.૨૦૨૦**

૧. જી.એસ.ટી. હેઠળ કંપની કરદાતાઓ ને પોતાના રિટર્ન ડિજિટલ સિગ્નેચર વડે ભરવા ફરજિયાત હતા. આ નિયમ માં સુધારો કરીને ૨૧ એપ્રિલ ૨૦૨૦ થી ૩૦ જૂન ૨૦૨૦ સુધી કંપની કરદાતાઓ ને પણ ઈ મેઈલ તથા મોબાઈલ ઉપર આવતા ઈલેક્ટ્રોનિક વેરિફિકેશન કોડ (EVC)થી રિટર્ન ભરવા પરવાનગી આપવામાં આવેલ છે.

૨. જી.એસ.ટી. હેઠળ નોંધાયેલ કરદાતા કે જેઓને NIL રિટર્ન ફાઇલ કરવાનું છે, તેઓ પોતાનું રિટર્ન જી.એસ.ટી. હેઠળ નોંધાયેલ મોબાઈલ દ્વારા ભરી શકશે. NIL રિટર્ન એટ્લે એવા રિટર્ન જેમાં GSTR 3Bની તમામ 'કોલમ'માં NIL આવતું હોવું જોઈએ.

**નોટિફિકેશન ૪૦/૨૦૨૦, Dt 05.05.2020**

૩. જી.એસ.ટી. હેઠળ તા. ૨૪ માર્ચ સુધી જનરેટ કરવામાં આવેલ ઇ વે બિલ, કે જેની સમય-મર્યાદા (વેલીડીટી) ૨૦ માર્ચ થી માંડી ૧૫ એપ્રિલ સુધી પૂરી થવાની હતી તે હવે ૩૧ મે સુધી 'વેલીડ' ગણાશે.




**નોટિફિકેશન ૪૧/૨૦૨૦, Dt 05.05.2020**

૪. જી.એસ.ટી. હેઠળ નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯નું ભરવાનું થતું વાર્ષિક રિટર્ન ૩૦.૦૬.૨૦૨૦ સુધીમાં ભરવાનું થતું હતું. આ ફોર્મ ભરવાની મુદત વધારી, ૩૦.૯.૨૦૨૦ કરી આપવામાં આવેલ છે.

(નોટિફિકેશન ૩૯ તથા ૪૨ એ માત્ર અમુક પ્રકારના કરદાતાઓને લાગુ પડે છે માટે વાચકો ને તે અંગે દ્વિધા ના થાય તે માટે અહિયાં તે અંગે સમજૂતી આપેલ નથી) **(ભવ્ય પોપટ, એડિટર, ટેક્સ ટુડે)**

◆ Year: 4, ◆ Issue No.8, ◆ Continue Issue No.43, ◆ Date: 23/05/2020, Saturday, ◆ Page-4, ◆ Retail Price: 20/-, ◆ Annual Subscription Rs.200/- ◆ Owned & Published by: Bhavya Dipakbhai Popat,
◆ Published at: 202-203, Dhruv Complex, Opp. Police Quaters, Una, Dist. Gir Somnath. ◆ Editor: Bhavya Dipakbhai Popat ◆ Printed at : Prathamesh Offset, Gondra Chowk. Una.